RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 16, Dt.30-03-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

### સુપ્રીમ કોર્ટ દ્વારા ઈલેક્ટોરલ બોન્ડને ગેરબંધારણીય જાહેર કર્યાના ત્રણ દિવસ પહેલાં


# સરકારે ૧૦,૦૦૦ ઈલેક્ટોરલ બોન્ડના પ્રિન્ટીંગ માટે મંજૂરી આપી

### સર્વોચ્ચ અદાલતના આદેશના પખવાડિયા બાદ નાણા મંત્રાલયે એસબીઆઈને બોન્ડનું પ્રિન્ટીંગ તત્કાલ બંધ કરવા જણાવ્યું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે ઈલેક્ટોરલ બોન્ડને ગેરબંધારણીય જાહેર કર્યાના ત્રણ દિવસ પહેલા નાણા મંત્રાલયે SPMCIL (સિક્યોરિટી પ્રિન્ટિંગ એન્ડ મિન્ટિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા) દ્વારા રૂ. ૧ કરોડના મૂલ્યના ૧૦,૦૦૦ ઈલેક્ટોરલ બોન્ડના પ્રિન્ટિંગ માટે અંતિમ મંજૂરી આપી હતી.અને ૨૮ ફેબ્રુઆરીએ, સુપ્રીમ કોર્ટના આદેશના પખવાડિયા પછી, નાણા મંત્રાલયે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાને બોન્ડનું પ્રિન્ટિંગ નતત્કાલ બંધથ કરવા કહ્યું.

નાણા મંત્રાલય અને એસબીઆઈ વચ્ચે પત્રવ્યવહાર અને ઈમેલની આપલેની ફાઈલની વિગત RTI દ્વારા આ વાત બહાર આવી છે, જે ઈન્ડિયન એક્સપ્રેસ દ્વારા માહિતી અધિકાર કાયદા હેઠળ પ્રાપ્ત થઈ છે. આ રેકોર્ડ્સ એ પણ દર્શાવે છે કે SPMCIL એ પહેલાથી જ ૮,૩૫૦ બોન્ડ પ્રિન્ટ કરીને જઈને મોકલ્યા હતા.



યોજનાની શરૂઆતથી અત્યાર સુધીમાં કુલ ૨૨,૨૧૭ ઈલેક્ટોરલ બોન્ડ્સ રોકડ કરવામાં આવ્યા હતા. ભાજપે રૂ. ૮,૪૫૧ કરોડ રોકડા કર્યા; કોંગ્રેસ રૂ. ૧,૯૫૦ કરોડ; તળણમૂલ કોંગ્રેસ રૂ. ૧,૭૦૭.૮૧ કરોડ અને BRS રૂ. ૧,૪૦૭.૩૦ કરોડ.

પ્રિન્ટિંગ રોકવા માટેની સૂચનાઓ ૨૮ ફેબ્રુઆરીએ જઈઈ તરફથી જઙખઈઈક ને નચૂંટણી બોન્ડ્સનું પ્રિન્ટિંગ બંધ કરો - ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમ ૨૦૧૮' શીર્ષકવાળા ટ્રેલ-મેલમાં મોકલવામાં આવી હતી.

આસિસ્ટન્ટ જનરલ મેનેજર, ટ્રાન્ઝેક્શન બેન્કિંગ ડિપાર્ટમેન્ટ, SBIએ લખ્યું અમે ૨૩.૦૨.૨૦૨૪ના રોજ ઈમેલ કરાયેલા કુલ ૮૩૫૦ બોન્ડ્સ ધરાવતા ઈલેક્ટોરલ બોન્ડના સિક્યોરિટી ફોર્મના ૪ બોક્સની રસીદની પુષ્ટિ કરી છે... માનનીય સર્વોચ્ચ અદાલત દ્વારા આપવામાં આવેલા ચુકાદાના પ્રકાશમાં અમે તમને વિનંતી કરીએ છીએ કે બાકીના ૧,૬૫૦ ઈલેક્ટોરલ બોન્ડની પ્રિન્ટિંગ અટકાવી રાખો જેના માટે ૧૨.૦૧.૨૦૨૪ના બજેટ વિભાગના પત્ર દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.

૨૭ ફેબ્રુઆરીની નોંધમાં રેકોર્ડ જણાવે છે કે ઓર્ડર ૪૦૦ બુકલેટ અને ૧૦,૦૦૦ ઈલેક્ટોરલ બોન્ડની પ્રિન્ટિંગ માટે હતો અને SPMCIL ને ઓર્ડર આપવા માટે નભારત સરકારથની મંજૂરી આખરે ૧૨ ફેબ્રુઆરીએ આપવામાં આવી હતી.

# કાલે દિલ્હીમાં I.N.D.I.A. ગઠબંધનની ભવ્ય રેલી સાથે વિપક્ષનું શક્તિ પ્રદર્શન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ અને વિપક્ષી નેતાઓ સામે તપાસ એજન્સીઓના દુરુપયોગના વિરોધમાં વિરોધ પક્ષોનું I.N.D.I.A. ગઠબંધન કાલે માર્ચે દિલ્હીમાં એક મેગા રેલી દ્વારા શકિત પ્રદર્શન કરશે. આમ આદમી પાર્ટી મહારેલીની તૈયારીમાં વ્યસ્ત છે. પાર્ટીના નેતાઓ અને કાર્યકરો જનતાનું સમર્થન મેળવવા માટે ઘરેપ્રઘરે જઈ રહ્યા છે. શિવસેના (યુબીટી)ના નેતાઓ ઉદ્ધવ ઠાકરે અને આદિત્ય ઠાકરે પણ આ મેગા રેલીમાં સહભાગી થવાના છે.




આમ આદમી પાર્ટીને રવિવારે ૩૧ માર્ચે રામલીલા મેદાનમાં રેલી કરવાની મંજૂરી મળી ગઈ છે. દિલ્હી પોલીસે પાર્ટીને મંજૂરી આપી દીધી છે. આ રેલીનું સૂત્ર તાનાશાહી હટાવો, લોકશાહી બચાવો હશે. આમાં વિપક્ષી ગઠબંધનના તમામ પક્ષોને સામેલ કરવામાં આવશે. આમાં કોઈ એક પાર્ટીનું નહીં ઈન્ડિયા ગઠબંધનનું બેનર લગાવવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધી પણ રેલીમાં સહભાગી થશે. અખિલેશ યાદવ, તેજસ્વી યાદવ, ઝારખંડના સીએમ ચંપાઈ સોરેન, હેમંત સોરેનનાં પત્ની કલ્પના સોરેન, શરદ પવાર, ટીએમસીના ડેરેક ઓ બ્રાયન પણ રેલીમાં આવશે.

કોંગ્રેસનું કહેવું છે કે આ મહારેલી કેજરીવાલ અને ઝારખંડના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન હેમંત સોરેનની ઈડી દ્વારા ધરપકડ અને પાર્ટીના બેંક ખાતાઓ ફ્રીઝ કરવાના વિરોધમાં કરવામાં આવી રહી છે. તૃણમૂલ કોંગ્રેસના સૂત્રોએ કહ્યું છે કે પાર્ટી બે નેતાઓને રેલીમાં પ્રતિનિધિ તરીકે મોકલશે, પરંતુ નેતાઓના નામ જાહેર કર્યા નથી.

પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસ સાથે બેઠકોની વહેંચણીમાં નિષ્ફળતા પછી, તૃણમૂલે વિપક્ષી ગઠબંધનથી અંતર જાળવી રાખ્યું છે, પરંતુ આગ્રહ રાખ્યો છે કે તે શાસક ભાજપની વિચારધારા વિરુદ્ધ રચાયેલા ઈન્ડિયાનો એક ભાગ છે.

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક કેજરીવાલની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ૨૧ માર્ચે એક્સાઇઝ પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. અગાઉ તેને ૨૮ માર્ચ સુધી એજન્સીની કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો. ગુરુવારે તેની કસ્ટડી વધુ ચાર દિવસ માટે લંબાવવામાં આવી હતી.


# રાજ્યમાં આગ વરસાવતી ગરમી વચ્ચે એપ્રિલમાં બે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાશે

## ૧૨ એપ્રિલથી વાતાવરણ પલ્ટાશેઃ અંબાલાલ પટેલની આગાહી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

માર્ચ મહિનો પુરો થવા જઈ રહ્યો છે. ત્યાં અમદાવાદ સહીત સમગ્ર ગુજરાતમાં આગ વરસાવતી ગરમી પડી રહી છે. અંગ દઝાડતી ગરમીને કારણે લોકો ત્રાહીમામ પોકારી રહ્યા છે.એવામાં જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલ દ્વારા આગામી દિવસોને લઈને મોટી આગાહી કરવામાં આવી છે.

અંબાલાલ પટેલના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં પશ્ચિમી વિક્ષેપ આવશે જેના કારણે ૩૧ માર્ચ સુધી મહતમ અને ન્યુનતમ ઉષ્ણતામાન સામાન્ય ઘટાડો થવાની શકયતા રહેશે.



જે બાદ એપ્રિલ મહિનામાં વાદળછાયુ વાતારણ આવવાની શકયતા રહેશે અને ૮ એપ્રિલે રાજયમાં ફરીથી પશ્ચિમી વિક્ષેપ આવશે. જેના કારણે ૧૨ એપ્રિલથી હવામાનમાં પલટો આવી શકે છે. જેથી ૧૨ થી ૧૪ એપ્રિલના ત્રણ દિવસનાં સમયગાળા દરમ્યાન ગુજરાતના કોઈ પણ ભાગમાં આંધી-વંટોળ સાથે પ્રિ.મોન્સુન એકટીવીટી શરૂ થવાની શકયતા રહેશે.આ દરમ્યાન રાજયના કોઈ-કોઈ ભાગમાં છુટોછવાયો વરસાદ પડી શકે છે.

એપ્રિલની ૧૬ તારીખથી પુનઃ પશ્ચિમી વિક્ષેપ આવશે. જયારે આગામી ૨૭ થી ૨૯ એપ્રિલ દરમ્યાન આંધી-વંટોળનુ પ્રમાણ વધી શકે છે. આમ એપ્રિલ મહિનામાં ગુજરાતના ભીન્ન-ભીન્ન ભાગોમાં આંધી, વંટોળ અને ગાજવીજ સાથે વરસાદ થવાની શકયતા રહેશે. હવામાન વિભાગે વધુ એક વાર કાળઝાળ ગરમીની આગાહી કરી છે. રાજયમાં સૌથી વધુ ગરમ રાતને લઈને પણ હવામાન વિભાગે ચેતવણી આપી છે. સાથે સૌરાષ્ટ્ર અને કચ્છના આ વિસ્તારોમાં હીટવેવની આગાહી સહીત અમદાવાદ, બનાસકાંઠા,આણંદ, વડોદરામાં રાત્રી દરમ્યાન ગરમીની આગાહી કરી છે. ત્યારે આગામી દિવસોમાં તાપમાન સામાન્ય કરતા ૪-૫ ડીગ્રી વધુ ગરમી લાગે તેવી સંભાવના વ્યકત કરી છે. રાજયમાં કાળઝાળ ગરમીએ રેકોર્ડ તોડયો છે.ત્યારે આગામી ૫ દિવસ દરમ્યાન ગરમીનો પારો ઉપર જશે.

# નિકાસ પ્રતિબંધથી ખેડૂતો નિરાશઃ સરકાર પાંચ લાખ ટન રવી ડુંગળી ખરીદશે

## ઘટી રહેલા ભાવને ટેકો આપવા ખરીદી વહેલી શરૂ થશે

**મુખ્ય સમાચાર, મુંબઈ**

ડુંગળીની નિકાસ બેમુદત લંબાવાતા દેશની વિવિધ મંડીઓમાં ડુંગળીના ભાવ ઘટી જતા ખેડૂતો તરફથી ઊભા થયેલા વિરોધને ધ્યાનમાં રાખી ખુલ્લા બજારમાંથી કાંદાની ખરીદી શરૂ કરવા સરકારે ખાતરી ઉચ્ચારી છે.

ખેડૂતોના હિતોને જાળવવા આગામી બે-ત્રણ દિવસમાં રવી કાંદાની ખરીદી શરૂ કરાશે. અંદાજે પાંચ લાખ ટન કાંદાની ખરીદી કરાશે એમ સરકાર વતિ જણાવાયું છે.

દેશના કેટલાક શહેરોમાં ઊંચા ભાવને ધ્યાનમાં રાખી સરકારે ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ બેમુદત સુધી લંબાવવા ગયા સપ્તાહમાં નિર્ણય કર્યો હતો.

ભારત ડુંગળીનો સૌથી મોટો નિકાસકાર દેશ છે. નિકાસ પર ૩૧મી માર્ચ સુધી પ્રતિબંધ મૂકયો હતો, જે હવે



બેમુદત લંબાવવામાં આવ્યો હોવાનું ડાયરેકટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી)ના સુત્રોએ અગાઉ જણાવ્યું હતું.

ખેડૂતોના હિતો સચવાઈ રહે તેની સરકાર ખાતરી રાખવા માગે છે એમ ગ્રાહક બાબતોના સચિવ રોહિત કુમાર સિંહે જણાવ્યું હતું.

કાંદાની નિકાસ પરના પ્રતિબંધથી ટ્રેડરોને અસર થાય છે નહીં કે ખેડૂતોને. મહારાષ્ટ્રમાં કાંદાના સરારેશ ભાવ પ્રતિ કિલો ૧૩થી ૧૫ બોલાઈ રહ્યા છે. જે ગયા વર્ષના સ્તર કરતા લગભગ બમણા છે. ભાવમાં ઘટાડો થશે તો પણ અમે ખેડૂતોના હિતો જાળવશું એમ સચિવે વધુમાં જણાવ્યું હતું. ૨૦૨૩-૨૪માં સરકારે રવી તથા ખરીફના મળીને કુલ ૬.૪૦ લાખ ટન કાંદાની ખરીદી કરી હતી. ગયા વર્ષ ડુંગળીની ખરીદી જૂનમાં શરૂ કરાઈ હતી પણ વર્તમાન વર્ષમાં તેનો જલદી પ્રારંભ થશે.

# બોર્ડની પરીક્ષાના પરિણામ એપ્રિલ માસના અંત સુધીમાં જાહેર થશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાત શિક્ષણ બોર્ડ વર્ષોની પરંપરા તોડીને ધો.૧૦ અને ૧૨ની બોર્ડ પરિક્ષાના પરિણામો એક મહિનો વ્હેલા જાહેર કરે તેવી સંભાવના છે. એપ્રિલ મહિનાના અંતમાં જ પરિણામો જાહેર થવા સાથે લાખો વિદ્યાર્થીઓની આતુરતાનો અંત આવી શકે છે. વ્હેલા પરિણામથી વિદ્યાર્થીઓને આગળનો અભ્યાસ નકકી કરવામાં વધુ સમય મળશે. ઉપરાંત વિવિધ એન્ટરન્સ પરીક્ષા માટે યોગ્ય તૈયારી કરી શકશે.

શિક્ષણ બોર્ડના સૂત્રોએ કહ્યુ કે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ એપ્રિલના બીજા સપ્તાહમાં જાહેર કરી દેવાની તૈયારી છે જયારે ધો.૧૦ તથા ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ એપ્રિલ મહિનાના અંતમાં આવી શકે છે. પરિક્ષા શરૂ થયાના ૪૫ દિવસમાં જ પરિણામ આવી જવાનું ગુજરાતના શિક્ષણ બોર્ડના ઈતિહાસમાં પ્રથમવાર બનશે.

સૂત્રોના કહેવા પ્રમાણે રાજયભરમાં અંદાજીત ૬૫૦૦૦ શિક્ષકોને ઉતરવહી ચકાસણીની કામગીરી સોંપવામાં આવી છે. પરીક્ષા લેવાથી માંડીને ચકાસણીમાં દર વર્ષની સરખામણીએ ત્રણ ગણો સ્ટાફ લગાડવામાં આવ્યો છે.

ધો.૧૨ સાયન્સ તથા ગુજકેટના પરિણામોના આધારે જ ઈજનેરી તથા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવામાં આવતો હોવાના કારણોસર તે પ્રક્રિયા પણ વ્હેલી શકય બનશે. ૨૦૨૩માં ગત વર્ષે ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહનું પરિણામ બીજી મે ના રોજ જાહેર થયુ હતુ અને તે ૬૫.૫૮ ટકા આવ્યું હતું. ધો.૧૨નું ૨૫ મે ના રોજ જાહેર થયુ હતું અને તે ૬૪.૬૨ ટકા આવ્યુ હતું. ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૩૧ મે ના રોજ જાહેર થયુ હતું અને તે ૭૩.૨૭ ટકા રહ્યું હતું. સૂત્રોએ કહ્યુ કે, બોર્ડ પરિક્ષાના પરિણામો વ્હેલા જાહેર કરવાની આગોતરી તૈયારી રાખવામાં આવી હતી. સેન્ટ્રલાઈઝડ એસેસમેન્ટ સેન્ટરોની સંખ્યા ગત વર્ષના ૩૭૪થી વધારીને આ વર્ષ ૪૫૯ કરવામાં આવી હતી.

# આવતીકાલે રાજ્યભરમાં ગુજકેટની પરીક્ષા

## સવારના ૧૦થી ૪ વાગ્યા સુધી ૩ સેશનમાં વિદ્યાર્થીઓની કસોટી; હોલ ટિકિટ સાથે આઈડી કાર્ડ ફરજિયાત

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઇજનેરી-ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ગુજકેટની પરીક્ષા લેવામાં આવે છે. બોર્ડની પરીક્ષા પૂર્ણ થઈ છે, ત્યારે હવે આવતીકાલે રાજ્યભરમાં ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓની ગુજકેટની પરીક્ષા છે. સવારથી બપોર સુધી અલગ-અલગ ત્રણ સેશનમાં ગુજકેટની પરીક્ષા યોજાશે. જેમાં વિદ્યાર્થીએ પોતાની હોલ ટિકિટની સાથે એક આઈડી કાર્ડ પણ સાથે રાખવાનું રહેશે.

ધોરણ ૧૨ બાદ ડિગ્રી એન્જિનિયરિંગ અને ફાર્મસી તેમડ ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમમાં પ્રવેશ માટે વર્ષ ૨૦૧૭થી ગુજરાત કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ તરીકે ગુજકેટ પરીક્ષા ફરજિયાત કરવામાં આવી છે. આ વર્ષે પણ બોર્ડની પરીક્ષા



પૂર્ણ થતાં આવતીકાલે ગુજકેટની પરીક્ષા યોજાશે. સંપૂર્ણ પરીક્ષા ઘખછ આધારે જ રહેશે. સવારે ૧૦ વાગ્યાથી બપોરે ૪ વાગ્યા સુધી ગુજકેટની પરોક્ષ યોજાશે. ૧૦થી ૧૨ વાગ્યા સુધી ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનની પરીક્ષા યોજાશે. ૧થી ૨ વાગ્યા સુધી જીવ વિજ્ઞાનની પરીક્ષા યોજાશે અને ૩થી ૪ વાગ્યા સુધી ગણિતની પરીક્ષા યોજાશે. બોર્ડની પરીક્ષાની જેમ જ વિદ્યાર્થીઓને હોલ ટિકિટ આપવામાં આવી છે. વિદ્યાર્થીઓએ હોલ ટિકિટ સાથે પોતાનું એક આઈડી કાર્ડ પણ સાથે રાખવાનું રહેશે.

# 'સરકાર બદલાશે તો એવી કાર્યવાહી કરીશું કે ફરી કોઈની હિમ્મત નહીં થાય': રાહુલ ગાંધીનું ITની નોટિસ પર નિવેદન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસે આવકવેરા વિભાગ તરફથી નોટિસ જાહેર કરી દેવાઈ છે. તેના પર રાહુલ ગાંધીને સત્તાધારી પાર્ટી ભાજપ પર પ્રહાર કર્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર એક પોસ્ટમાં રાહુલ ગાંધીએ કહ્યું કે, ભાજપને યાદ રાખવું જોઈએ કે જ્યારે સરકાર બદલાશે, તો તે લોકોની વિરૂદ્ધ કાર્યવાહી કરાશે, જેમણે લોકશાહીનું ચીરહરણ કર્યું છે. એવી કાર્યવાહી થશે બીજી વખત ફરી કોઈની હિમ્મત નહીં થાય, આ બધુ કરવાની. આ મારી ગેરેન્ટી છે.

જણાવી દઈએ કે, ભાજપ લોકસભા ચૂંટણીને લઈને 'મોદીની ગેરેન્ટી' અભિયાન ચાલી રહ્યું છે, જે વડાપ્રધાન મોદીના પોતાના



ચૂંટણી વચનોને પૂર્ણ કરવાની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. ત્યારે પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પોતાના છેલ્લા વીડિયોમાં ટેગ કરતા પોતાની પોસ્ટ સાથે હેશટેગ BJP Tax Terrorism નો ઉપયોગ પણ કર્યો છે.તો, કોંગ્રેસે કહ્યું કે, પાર્ટીને ગત વર્ષોના ટેક્સ રિટર્નમાં વિસંગતતાઓ માટે ૧૮૦૦ કરોડ રૂપિયા જમા કરાવવા માટે આવકવેરા વિભાગથી એક નોટિસ મળી છે. નોટિસને ગંભીર જણાવતા કોંગ્રેસે ભાજપ પર 'ટેક્સ ટેરરિઝ્મ'નો આરોપ લગાવ્યો છે.

કોંગ્રેસ નેતા જયરામ રમેશે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, 'કોંગ્રેસને આર્થિક રીતે નબળી પાડવાના પ્રયાસો થઈ રહ્યા છે, પરંતુ અમે ડરવાના નથી. કોંગ્રેસ આવકવેરા વિભાગની આ નોટિસ વિરૂદ્ધ વીકેન્ડ પર દેશવ્યાપી વિરોધ પ્રદર્શન કરવા જઈ રહી છે. લોકસભા ચૂંટણી પહેલા ટેક્સ ટેરરિઝ્મ દ્વારા વિપક્ષ પર હુમલો કરાઈ રહ્યો છે.'

કોંગ્રેસના કોષાધ્યક્ષ અજય માકને આરોપ લગાવ્યો કે જે માપદંડોના આધારે કોંગ્રેસને દંડની નોટિસ અપાઈ છે, એજ આધારે ભાજપ પાસેથી ૪૬૦૦ કરોડ રૂપિયાથી વધુની ચૂકવણીની માંગ કરવી જોઈએ. કાલે અમને આવકવેરા વિભાગ પાસેથી ૧૮૨૩.૦૮ કરોડ રૂપિયાની ચૂકવણી કરવા માટે નોટિસ મળી છે. પહેલા જ આવકવેરા વિભાગે અમારા બેંક એકાઉન્ટથી જબરદસ્તી ૧૩૫ કરોડ રૂપિયા કાઢી લીધા છે.

આ વર્ષે ફેબ્રુઆરીમાં કોંગ્રેસે કહ્યું હતું કે, કથિત રીતે આવકવેરા વિભાગમાં ચૂકના કારણે પાર્ટીના બેંક ખાતા ફ્રીઝ કરી દેવાયા હતા. પાર્ટીને કથિત અતિદેય ટેક્સમાં ૧૩૦ કરોડ રૂપિયાની ચૂકવણી કરવાની નોટિસ જાહેર કરી દેવાઈ હતી.

# ભારતીય નેવીનું સફળ ઓપરેશન, અરબ સાગરમાં ચાંચિયાઓના કબજામાંથી ઈરાનના જહાજને છોડાવ્યું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અરબ સાગરમાં ભારતીય નેવીએ ફરી એકવાર પોતાની તાકાતનું પ્રદર્શન કર્યું છે, ભારતીય નેવી અરબ સાગરમાં વધુ એક સફળ ઓપરેશન હાથ ધર્યું છે. ભારતીય નેવીએ ઈરાનના માછીમારી જહાજને બચાવવામાં સફળતા મેળવી હતી, આ ઘટના શુક્રવારની જણાવવામાં આવી રહી છે.

ઈરાનના જહાજને હાઈજેક કરનારા ચાંચિયાઓ સામે ઓપરેશન હાથ ધર્યું હતું. ચાંચિયાઓએ ૨૮ માર્ચે ઈરાની જહાજ અલ-કમ્બરને હાઈજેક કરવાનો પ્રયાસ કર્યો હતો. માહિતી મળતાની સાથે જ નેવી સક્રિય થઈ ગઈ હતી. અરબી સમુદ્રમાં તૈનાત ભારતીય નેવીના જહાજોને ઈરાની જહાજની મદદ માટે મોકલવામાં



આવ્યા હતા.

૨૮ માર્ચ ૨૦૨૪ના રોજ મોડી સાંજે ઇરાની માછીમારી જહાજ 'અલ કમર ૭૮૬' પર સંભવિત ચાંચિયાગીરીની ઘટના અંગેના ઇનપુટ્સના આધારે, દરિયાઇ સુરક્ષા ઓપરેશન માટે અરબી સમુદ્રમાં તૈનાત ભારતીય નેવીના બે જહાજોને હાઇજેક કરાયેલા ઈરાનના માછીમારી જહાજને ચાંચીયાઓના કબજામાં જતું રોકવા માટે તૈનાત કરવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ ૨૮ માર્ચે ઈરાનના એક જહાજ અલ કમર ૭૮૬ને ચાંચિયાઓએ હાઈજેક કરી લીધું હતું. આ અંગેની માહિતી મળતાની સાથે જ ભારતીય નેવીએ તેના બે જહાજો મોકલ્યા હતા. હાઈજેક કરાયેલા ઈરાનના આ જહાજ પર હથિયારોથી સજ્જ ૯ ચાંચિયાઓ હતા. આ જહાજને શુક્રવારે સફળતાપૂર્વક ફરી હસ્તગત કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનિય છે કે અગાઉ જાન્યુઆરીમાં પણ ભારતીય નેવીએ ઈરાનના એક જહાજનું સફળતાપૂર્વક રેસ્કયૂ કર્યું હતું. ભારતીય યુદ્ધ જહાજ ઈંગજ સુમિત્રાએ એડનની ખાડીમાંથી સોમાલિયાના ચાંચિયાઓ દ્વારા હાઈજેક કરાયેલા ઈરાનના જહાજને બચાવી લીધું હતું, આ જહાજમાં રહેલા ૧૯ પાકિસ્તાની નાગરિકોનો પણ છુટકારો થયો હતો. આ લૂંટારાઓએ માછીમારીના જહાજનું અપહરણ કર્યું હતું.

# વાંકાનેરમાં હાઇ–વે પર અમુક શખ્સોએ ફટાકડા ફોડી જન્મદિવસની ઉજવણી કરી, વીડિયો વાઈરલ થતા પોલીસે કરાવ્યું કાયદાનું ભાન

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેરમાં નેશનલ હાઇવે ઉપર જાહેરમાં ફટાકડા ફોડી અમુક ભાન ભૂલેલા શખ્સોનો વીડિયો વાઇરલ થતા વાંકાનેર સીટી પોલીસ તુરંત એકશનમાં આવી વાઇરલ વીડિયોમાં દેખાતા શખ્સોની તાત્કાલિક અટક કરી કાયદાનું ભાન કરાવ્યું હતું. આ સાથે વિડીઓમાં દેખાતી ફોર્ચ્યુનર કાર પણ કબ્જે લઇ તમામ આરોપીઓ વિરુદ્ધ આઇપીસી કલમ ૨૮૩,૨૮૬,૩૩૬ તથા એમ.વી.એક્ટ કલમ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર સોશ્યલ મીડીયા ઉપર વાંકાનેર પંથકના નેશનલ હાઈવે ઉપર અમુક શખ્સો દ્વારા ફટાકડા



ફોડી લોકોમા ભયનુ વાતાવરણ ઉભુ કરતો બર્થ-ડે સેલીબ્રેશનનો વિડીયો વાયરલ થયો હોય, જેથી તે ઈસમોને તાત્કાલીક શોધી તેઓને કાયદાનું ભાન કરાવવા મોરબી જીલ્લા પોલીસવડાની કડક સુચના અનુસંધાને વાંકાનેર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક એસ.એચ.સારડાના માર્ગદર્શન હેઠળ વાંકાનેર સીટી પોલીસ મથક પીઆઈ એચ.વી.ઘેલા સહિતની ટીમે વાંકાનેર પંથકનો બર્થ-ડે સેલીબ્રેશનનો વિડીયો જોઈ સ્થળ તેમજ વ્યક્તિઓની ઓળખ કરી તાત્કાલીક આરોપી બુરહાનુદીન તૈયબઅલી મલકાની ઉવ.૨૬, હુશેન ઉર્ફે બાજી સબીરભાઇ હાથી ઉવ.૨૮ અમીરભાઇ મુસ્તાકભાઈ તાજાણી ઉવ.૩૧,

અજીજભાઇ મુસ્તુભાઇ સરાવાલા ઉવ.૨૭ તમામ રહે.વોરાવાડ શેરી નં.૪,૬ વાંકાનેર જી.મોરબીને ઝડપી લઇ સાથે વિડીઓમાં દેખાતી ફોર્ચ્યુનર કાર રજી.નં જીજે-૦૩-એમએચ-૫૩૦૦ કિ.રૂ.૩૫ લાખ કબ્જે લઇ તમામ વિરુદ્ધ વાંકાનેર સીટી પોલીસ મથકમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઉપરોક્ત સફળ કામગીરીમાં પીઆઇ એચ.વી.ઘેલા તથા એએસઆઈ નારણભાઈ લાવડીયા, હેડ કોન્સ યશપાલસિંહ પરમાર, હરપાલસિંહ પરમાર, રવિભાઈ લાવડીયા, માલાભાઈ ગાંગીયા તથા ધર્મરાજભાઈ ગઢવી જોડાયેલ હતા.

# મોરબીના રહેણાંકમાંથી વિદેશી દારૂની મોંઘીદાટ ૯૬ બોટલ સાથે રીઢા બુટલેગરને દબોચી લેવાયો

## અન્ય એક આરોપી રાજસ્થાની શખ્સની શોધખોળ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં વીસીપરા નજીક શ્રધ્ધા પાર્ક શેરી નં.૪ માં આવેલ રીઢા બુટલેગરના રહેણાંક મકાનમાં મોરબી બી ડિવિઝન પોલીસે દરોડો પાડી મોંઘીદાટ વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૯૬ બોટલ કિ.રૂ.૧,૨૬,૬૯૦/-સાથે રીઢા આરોપીને ઝડપી લેવામાં આવ્યો છે. જ્યારે આરોપીની સઘન પૂછપરછમાં અન્ય રાજસ્થાન રાજ્યના એક આરોપીનું નામ ખુલતા તેને ફરાર દર્શાવી બંને આરોપીઓ વિરુદ્ધ પ્રોહી. એક્ટ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીમાં પ્રોહીબીશનની ડ્રાઈવ અનુસંધાને બી ડિવિઝન પોલીસ મથકના સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલીંગમા હોય તે દરમ્યાન એ.એસ.આઇ. મદારસિંહ મોરી તથા





અ.હેડ કોન્સે. બી.આર.ખટાણા, તથા પો.કોન્સ. શક્તિસિંહ કિશોરસિંહને મળેલ ખાનગી હકીકતના આધારે આરોપી અંકીતભાઇ અરૂણભાઇ રાઠોડ ઉવ.૩૩ રહે હાલ.શ્રધ્ધા પાર્ક શેરી નં. ૪ વીશીપરા મોરબી મુળરહે. સોમૈયા સોસા. મનીષ વિધ્યાલયવાળી શેરી, વાવડી રોડ મોરબીના રહેણાંક મકાનમાં દરોડો પાડી વિદેશી દારૂની અલગ અલગ બ્રાંડની કુલ બોટલો નંગ-૯૬ કિ.રૂ.૧,૨૬,૬૯૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન અન્ય આરોપી મૂળ રાજસ્થાન રાજ્યનો રહેવાસી જમારામ ઉર્ફે જગમાલ ઉર્ફે જગદીશ જેઠારામ પ્રજાપતિ હાજર નહિ મળી આવતા તેને ફરાર દર્શાવી તેની શોધખોળ આદરી હતી. આ સાથેમોરબી બી ડિવિઝન પોલીસ મથકમાં બંને આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસની તજવીજ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વિદેશી દારૂના જથ્થા સાથે પકડાયેલ આરોપી અંકિત રાઠોડ સામે અગાઉ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં અન્ય ત્રણ પ્રોહી.ના કેસ અને એક જુગારનો કેસ નોંધાયેલ છે. તેમજ અન્ય આરોપી જમારામ ઉર્ફે જગમાલ ઉર્ફે જગદીશ જેઠારામ પ્રજાપતિ મોરબી તાલુકા પોલીસ માયહાકમાં નોંધાયેલ પ્રોહી. કેસનો વોન્ટેડ આરોપી છે.

# મોરબીમાં નાર્કોટિક્સના ગુનામાં છેલ્લા સાત માસથી ભાગેડુ આરોપીને રાજસ્થાનથી પકડી લેતી એસઓજી ટીમ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એસ.ઓ.જી/સાયબર ક્રાઇમ/પેરોલ ફર્લો સ્કવોડની ટીમ દ્વારા સીટી બી ડિવિઝન પોલીસ મથકના એન.ડી.પી.એસ.ના ગુનામાં છેલ્લા સાતેક માસથી નાસતા ફરતા આરોપીને રાજસ્થાન ખાતેથી પકડી લઇ હસ્તગત



કરી આગળની ધોરણસરની કાર્યવાહી અર્થે મોરબી બી ડિવિઝન પોલીસ મથકમાં સોંપવામાં આવ્યો હતો.

મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા જીલ્લાના નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સૂચના કરેલ હોય ત્યારે મોરબી જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા એસ.ઓ.જી., સાયબર ક્રાઇમ પોલીસ મથક તથા પેરોલ ફર્લો સ્કવોડ ટીમ અન્ય ગુનાઓની તપાસમાં પંજાબ તથા રાજસ્થાન રાજ્યમાં ગયેલ હોય જે ટીમના અધિકારી તથા સ્ટાફને ખાનગીરાહે હકિકત મળેલ કે, મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલ એન.ડી.પી.એસ. એક્ટ ગુનાના કામે છેલ્લા સાતેક માસથી નાસતો ફરતો આરોપી પ્રવિણ ઉર્ફે દિનેશ ખિલેરી તેના ઘરે હોવાની ચોક્કસ હકિકત આધારે આરોપીની તેના ઘરે તપાસ કરતા આરોપી પ્રવિણ ઉર્ફે દિનેશ ભેરારામ પાબુજી ખિલેરી ઉવ.૨૮ રહે.સરણાઉ તા.જી-સાંચોર, રાજસ્થાન મળી આવતા તેને હસ્તગત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના ઊંચી માંડલ ગામ પાસે શિવ હોટેલમાં લાગી આગ



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી હળવદ હાઇવે ઉપર ઉંચી માંડલ પાસે આવેલી શિવ હોટલમાં પાછળના ભાગમાં આવેલા હોલ માં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી ગઈ હતી. જ્યાં બાજુમાં કોન્ફરન્સ રૂમ આવેલ હતો જેમાં ૪૦ થી ૫૦ વ્યક્તિઓ આ હોલમાં હતા, જે આગથી લાગેલ ધુમાડો જોતા સલામત સ્થળે બહાર નીકળી ગયેલા હતા.

મોરબી કંટ્રોલરૂમમાં કોલ આવતા તુરંત જ ફાયર ટીમ ઘટના સ્થળે રવાના થયેલ હતી અને પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આગમાં કોઇ જાન નહી થયેલ નથી પરંતુ હોલ અને કોન્ફરન્સ રૂમમાં આગ લાગતા ફર્નિચર અને સાધન સામગ્રીમાં નુકસાન થયેલ.

મોરબી ફાયર ટીમ દ્વારા હોલમાં આગની ઘટના દરમિયાન અંદર રહી ગયેલ સામાન માંથી ૪૦ મોબાઈલ, ૩ લેપટોપ, ડિજિટલ કેમેરો, પ્રોજેક્ટર અને અન્ય પર્સનલ સામાન બહાર કાઢી જેતે માલિકને પરત આપેલ.

# શેરબજારમાં રોકાણના નામે જામનગરના રોકાણકારોને નવડાવી નાંખ્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના કેટલાક રોકાણકારોને દર મહિને સારૂ એવું વળતર અપાવવાની લાલચ આપી શેરબજારનું કામ કરતી એક પેઢીએ ઓફિસ ખોલ્યા પછી રોકાણકારોને નવડાવી દેતા તે પેઢીમાં રૂ.૫ લાખનું રોકાણ કરનાર એક રોકાણકારે તમામ રોકાણકારો વતી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે કહેવાતી કંપનીના ચાર સંચાલક સામે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે.જામનગરના ખોડિયાર કોલોની વિસ્તારમાં આવેલા શુભમ એપાર્ટમેન્ટમાં વસવાટ કરતા કેયુરભાઈ વિજયભાઈ સુરેલીયા તથા અન્ય આસામીઓને બેએક વર્ષ પહેલાં ક્રેડીટ





બુલ્સ નામની કંપનીના કેટલાક સંચાલકોનો ભેટો થયો હતો.

શહેરના અંબર સિનેમા સામે નિઓ એટલાન્ટિક બિલ્ડીંગમાં ૪૧૨ નંબરની ઓફિસમાં આ કંપનીની કચેરી શરૂ કરવામાં આવી હતી. જેમાં તે કંપનીના સીઈઓ અને ફાઉન્ડર ધવલ દિનેશભાઈ સોલાણી તેમજ કંપનીના પાર્ટનર ફરઝાના ઈરફાન શેખે રોકાણકારોને દર મહિને સારૂ એવું વળતર મળી શકે છે તેમ કહી રોકાણ કરવા માટે લાલચ બતાવી હતી. તેથી કેયુરભાઈએ પોતાની રૂ.૫ લાખની મૂડી ક્રેડીટ બુલ્સ કંપનીમાં રોકી હતી અને અન્ય રોકાણકારોએ પણ લાલચમાં ફસાઈને જુદી જુદી રકમનું રોકાણ કર્યું હતું.ત્યારપછી કંપની દ્વારા આપવામાં આવેલી મુદ્દત પૂર્ણ થયા પછી પણ કેયુરભાઈને કે અન્ય રોકાણકારોને તેમની રકમ પરત મળી ન હતી અને વળતર પણ ચુકવાયું ન હતું. આથી રોકાણકરોએ ઉચ્ચક શ્વાસે તપાસ કરાવતા તેઓએ ક્રેડીટ બુલ્સ કંપનીના જે બેંક એકાઉન્ટમાં રકમ જમા કરાવી હતી તે રકમ ઉપાડી લેવાઈ હોવાનું અને રોકાણકારો સાથે છેતરપિંડી આચરાયાનું ખૂલ્યું છે. રોકાણકારો વતી કેયુરભાઈએ સિટી-બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.આ કંપનીના સીઈઓ ધવલ સોલાણી, ભાગીદાર ફરઝાના શેખ ઉપરાંત કંપનીના હ્યુમન રિસોર્સીસ ઓફિસર યશ દિનેશભાઈ સોલાણી, રિજીયોનલ હેડ પંકજ પ્રવીણભાઈ વડગામા સામે પોલીસે આઈપીસી ૪૨૦, ૧૨૦ (બી) હેઠળ ગુન્હો નોંધ્યો છે અન આરોપીઓને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# જામનગર જિલ્લાના ૧૫૪ સ્થળોએ ડ્રોનના ઉપયોગ પર પ્રતિબંધ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના સંવેદનશીલ ૧૫૪ સ્થળોએ ડ્રોનના ઉપયોગ માટે પ્રતિબંધાત્મક હુકમો જાહેર ઓઈલ રિફાઈનરી, જી.એસ.એફ.સી. એરફોર્સ, આઈ.એન.એસ. વાલસુરા, આર્મી હેક્વાર્ટર સહિત રેડ ઝોનમાં ૧૧૨ તથા યલો ઝોનમાં ૪૨ સ્થળોનો સમાવેશ થાય છે.જામનગર જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમાએ આવેલ અતિ સંવેદનશીલ જિલ્લો છે. જામનગર જિલ્લાની હદમાં એશિયાની સૌથી મોટી




ઓઈલ રિફાઈનરી તથા જી.એસ.એફ.સી. એરફોર્સ, આઈ.એન.એસ. વાલસુરા, આર્મી, હેડક્વાર્ટર, એરફોર્સ સ્ટેશન સમાણા વગેરે જેવા અતિ સંવેદનશીલ વાઈટલ ઈન્સ્ટોલેશન્સ આવેલ છે.જામનગર જિલ્લા વિસ્તારમાં આવેલ કુલ ૧૫૪ ક્રિટિકલ/સ્ટ્રેટેજિકલ) મહત્ત્વ ધરાવતા ઈન્સ્ટોલેશન્સને રે ઝોન, યલો ઝોન કે ગ્રીન ઝોનમાં વિભાજીત કરેલ છે જે પૈકી રેડ ઝોનમાં ૧૧૨ તથા યલો ઝોનમાં ૪૨ ઈન્સ્ટોલેશન્સ આવેલ છે જે સ્થળોએ ડ્રોનના ઉપયોગ સંબંધે અધિક કલેક્ટર બી.એન. ખેર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરી પ્રતિબંધાત્મક હુકમો જાહેર કરાયા છે. આ જાહેરનામું તા.૨૫-૫-૨૦૨૪ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ (૪૫ મા અધિનિયમ) ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# જામનગર મનપા દ્વારા ચાલુ વર્ષે મિલકત વેરાની આવક ૧૦૦ કરોડને પાર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાના ઈતિહાસમાં ચાલુ વર્ષે પ્રથમ વખત મિલકત વેરાની આવકનો આંકડો ૧૦૦ કરોડને પાર થયો છે.જામનગર મહાનગર પાલિકાના કમિશનર ડી.એન. મોદીએ મિલકત વેરાની આવકના આંકડા પત્રકાર પરિષદમાં જાહેર કર્યા હતાં. તેમણે જણાવ્યું હતું કે, તા. ૧-૪-૨૦૨૩ થી તા. ૨૮-૩-૨૦૨૪ (બપોર સુધી) માં જામનગર મહાનગરપાલિકાને ફક્ત મિલકત વેરાની રૂ. ૧૦૧ કરોડ ૬૦



લાખની આવક થવા પામી છે, જ્યારે તા. ૧-૨-૨૦૨૪ થી તા. ૨૮-૩-૨૦૨૪ સુધીના ૫૭ દિવસની આવક રૂ. ૪૫.૭૦ કરોડની થવા પામી છે, જ્યારે ગઈકાલે એક જ દિવસમાં રૂ. ૩.૮૪ કરોડની આવક મેળવી હતી. જામનગર મહાનગર પાલિકા દ્વારા રૂ. ૧૧.૪૮ કરોડની વ્યાજમાફી આપવામાં આવી છે.જામનગર મહાનગર પાલિકામાં ૩,૦૬,૦૦૦ મિલક્તો નોંધાયેલ છે તેમાંથી ૧,૦૫,૬૫૬ મિલકતધારકોએ વેરો ભરપાઈ કર્યો છે.ગઈકાલની સ્થિતિએ કુલ બાકી વસૂલાતમાં મુદ્દલ રૂ. ૩૦૬.૯૦ કરોડ અને વ્યાજ રૂ. ૨૦૭.૪૧ કરોડનો સમાવેશ થાય છે. જેમાં મુદ્દલ ૨૩૩ કરોડ (કાર્પેટ પદ્ધતિ) અને ૧૫.૧૦ કરોડ રેન્ટ બેઈઝ પદ્ધતિ અને તેનું વ્યાજ કાર્પેટ પદ્ધતિમાં રૂ. ૯૮.૫૬ કરોડ અને રેન્ટ બેઈઝ પદ્ધતિમાં રૂ. ૪૪.૧૧ કરોડનો સમાવેશ થાય છે.

જ્યારે ૪૨.૦૬ કરોડ (કાર્પેટ પદ્ધતિ અનુસાર) અને રૂ. ૪.૩૭ કરોડ (રેન્ટ બેઝ) તથા તેનું વ્યાજ ૩૪.૩૦ કરોડ (કાર્પેટ પદ્ધતિ) અને ૧૭.૨૨ કરોડ (રેન્ટ બેઈઝ પદ્ધતિ) અનુસારનો સમાવેશ થાય છે.જ્યારે સ્લમ વિસ્તારમાં વોટર ચાર્જના મુદલ રૂ. ૧૨.૪૫ કરોડ અને વ્યાજ રૂ. ૧૩.૨૨ કરોડની વસૂલાત બાકી રહે છે.આમ આસિ. કમિશનર (ટેક્સ) જીગ્નેશ નિર્મલની રાહબરી હેઠળ મિલકત વેરા વસૂલાત શાખાએ ઉત્કૃષ્ટ કામગીરી કરી હતી. આથી કમિશનરે તમામ ટીમને અભિનંદન પાઠવ્યા હતાં.હાલ જામનગર મહાનગરપાલિકા દ્વારા ૧૦૦ ટકા વ્યાજ માફી યોજના અમલમાં છે. જેની મુદ્દત તા. ૩૧ માર્ચના પૂર્ણ થઈ રહી છે. એટલે કે હવે ફક્ત ત્રણ દિવસ જ બાકી રહ્યા છે. જેનો લાભ લેવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે.

# મોરબીમાં ગંભીર પ્રકારના પોકસોના ગુન્હામાં આરોપીને નિર્દોષ છોડવાનો હુકમ

**મુખ્ય સમાચાર, જયેશ બોખાણી**

**મોરબી :** મોરબીમાં ગંભીર પ્રકારના પોકસોના ગુન્હામાં આરોપીને મોરબી કોર્ટે નિર્દોષ છોડવાનો હુકમ કર્યો છે. જેમાં સગીરા સંબધી કાયદાનો ગુનો સાબિત ન થતા પોકસો કોર્ટેએ આરોપી અબ્બાસ નુરમામદભાઈ સામતાણીને શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ છોડવાનો આદેશ આપ્યો છે.

આ કામેની ફરીયાદ એ રીતે કે આ કામના ફરીયાદીની દીકરી ઉ.વ.૧૭ વર્ષ ૨ માસ વાળી સગીરવયની હોવાનું જાણવા છતાં આ કામના આરોપીએ લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે કાયદેસરના વાલીપણામાંથી ભોગ બનનારનું અપહરણ કરી લઈ જઈ ગુનો કરેલ છે. ભારતીય દંડ સંહિતાની કલમ અને જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ મુજબનો ગુનો નોંધવામાં આવેલ. સદરહુ કામે મોરબી એ ડીવી. પોલીસ દ્વારા આ કામના આરોપી અબ્બાસ નુરમામદભાઈ સામતાણીની



ધરપકડ કરવામાં આવેલ હતી. બાદમાં સદરહુ આરોપીએ તેના કેસમાં બચાવ કરવા મોરબી જીલ્લાના એડવોકેટ જે. ડી. સોલંકીને રોકેલા હતા.

આ કામે ફરીયાદપક્ષ ફરીયાદી, તેમની ભોગબનનાર દીકરી તથા અન્ય સાહેદોના પુરાવાઓથી ભોગબનનાર ખરેખર બનાવ સમયે સગીર વયની હતી તેવું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય તથા ડોકટરના પુરાવામાં ભોગ બનનાર સાથે જોરજબરદસ્તી કે બળજબરીપુર્વક કોઈ પણ પ્રકારનું દુષ્કૃત્ય આચરવામાં આવેલ હોય તેવો લેશમાત્ર પુરાવો રજુ કરવામાં આવેલ નથી. તથા તપાસ કરનાર અધીકારી વગેરેની જુબાની લેવામાં આવેલી તમામ પુરાવાના અંતે આરોપી પક્ષના વકીલ દ્વારા દલીલ કરવામાં આવેલ કે આ કામે ફરીયાદ પક્ષે ફરીયાદથી વિરુધ્ધનો અને વીપરીત હકીકત જણાવેલ છે. અને આ કામના ભોગબનનાર તથા તેના પરીવાર દ્વારા તેમજ અન્ય સ્વતંત્ર સાહેદોએ તેમના મૌખીક પુરાવામાં ફરીયાદ પક્ષના કેસને કે તેમના નિવેદનને સમર્થન આપેલ નથી તેમજ આ શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાનું નિઃશંકપણે સાત્તયસભર, સબળ, વિશ્વસનીય, માનવા લાયક, આધારભૂત પુરાવાથી પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય ઉપરોક્ત બાબતે બન્ને પક્ષકારોની તમામ દલીલોને ધ્યાને લઈ બચાવ પક્ષની તમામ દલીલો માની નામદાર કોર્ટે પોકસોના કાયદાનો ગુનો પુરવાર ન થતો હોય આરોપીને નીર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ હતો. આ કામે બચાવ પક્ષે વકીલ જે.ડી.સોલંકી રોકાયેલા હતા.

# દેશી બનાવટની રિવોલ્વર સાથે એકની એસઓજીએ કરી અટક

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર લાલપુરા કાનાલુસ ગામ પાસે લેબર કોલોની-૮ સામેની પતરા કોલોનીમાંથી એસઓજીએ જામનગરના શાહરૂખ ખાન નામના શખ્સને દેશી રિવોલ્વર સાથે પકડી પાડ્યો છે. તેણે રિવોલ્વર આપનાર શખ્સનું નામ ઓકી નાખ્યું છે.

લાલપુરના કાનાલુસ ગામ પાસે આવેલી લેબર કોલોની-૮ સામે પતરા કોલોનીથી ઓળખાણી બજારમાં એક હોટલ પાસે ફરી રહેલા શખ્સના કબજામાં ગેરકાયદેસર હથિયાર હોવાની બાતમી મળતા એસઓજીના સ્ટાફે પીઆઈ બી.એન. ચૌધરીના વડપણ હેઠળ ત્યાં દરોડો પાડ્યો હતો.આ સ્થળેથી જામનગરમાં નવી ડેન્ટલ કોલેજ સામે વસવાટ કરતો શાહરૂખખાન હબીબખાન પઠાણ ઉર્ફે શારકો નામનો શખ્સ મળી આવ્યો હતો. તેના કબજામાંથી દેશી બનાવટની રિવોલ્વર મળી આવી હતી. એસઓજીએ રિવોલ્વર કબજે કરી શાહરૂખની પૂછપરછ કરતા તેણે આ હથિયાર કાલાવડ નાકા બહારથી હાપા તરફ જવાના રોડ પર વસીલા મીલવાળી શેરીમાં રહેતા અસગરખાન કાસમખાન પઠાણ પાસેથી રિવોલ્વર લીધાનું કબૂલ્યું છે. બંને શખ્સ સામે લાલપુર પોલીસ સ્ટેશનમાં એસઓજીના બી.એમ. જાડેજાએ ગુન્હો રજીસ્ટર કરાવ્યો છે.


॥ ૐ શાંતિ ॥ **ઉત્તરક્રિયા** ॥ ૐ શાંતિ ॥



**સ્વ. નાથીબેન રાવજીભાઈ ચૌહાણ**

તા. ૨૬/૩/૨૦૨૪, મંગળવાર (ઉ.વર્ષ ૭૭) (ગામ : વસઈ)

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા માતૃશ્રી સ્વ. નાથીબેન રાવજીભાઈ ચૌહાણ તા. ૨૬/૩/૨૦૨૪, મંગળવાર સ્વર્ગવાસ પામેલ છે. તેમની ઉતરક્રિયા (પાણીઢોળ) તા. ૧/૪/૨૦૨૪, સોમવારના રોજ નીચેનાં સ્થળે રાખેલ છે. જે ઘણુ દુઃખદ છે, પરંતુ ઈશ્વર ઇચ્છા બળવાન. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

લિ.
રવજીભાઈ ખીમજીભાઈ ચૌહાણ
પ્રકાશભાઈ રવજીભાઈ ચૌહાણ
અમૃતલાલ રવજીભાઈ ચૌહાણ
છગનભાઈ રવજીભાઈ ચૌહાણ
રમેશભાઈ રવજીભાઈ ચૌહાણ તથા ભક્ત શ્રી કરશન દાદા પરિવાર
મો. : ૯૮૨૪૨૪૪૦૩૯

ઉત્તરક્રિયા
તા. ૧/૪/૨૦૨૪, સોમવાર, સવારે ૦૯:૦૦ થી બપોરે ૦૧:૦૦ કલાકે.

સ્થળ
વસઈ તા.જી.જામનગર


# મોરબીના સીરામીક એસોસીએશન હોલ ખાતે શ્રમિકો તેમજ કામદારો માટે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબી:** મોરબીના સિરામીક એસો. હોલ ખાતે ઉદ્યોગો અને કારખાનાઓના મજૂરો તેમજ કામદારોને મતદાન બાબતે જનજાગૃતિ કેળવાય તે હેતુથી મોરબી જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કે. બી. ઝવેરીના અધ્યક્ષસ્થાને કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર કે.બી. ઝવેરીએ જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં લોકસભાની ચૂંટણીમાં મોરબી જીલ્લો મતદાનમાં પ્રથમ જીલ્લો બને તેવી મોરબીવાસીઓ પ્રત્યે અપેક્ષા રાખું છું. મતદારોને મત આપવામાં કોઈપણ પ્રકારની અગવડતા ન પડે તે માટે ચૂંટણીતંત્ર દ્વારા તકેદારી રાખવામાં આવનાર છે. ઉપરાંત ૮૫ વર્ષ કે તેથી વધુ ઉમરના વયોવૃદ્ધ લોકો તેમજ





દિવ્યાંગો માટે ઘર બેઠા મતદાન કરી શકે તે માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. દરેક મતદાન મથક પર વ્હીલ ચેરની પણ વ્યવસ્થા ગોઠવવામાં આવશે. સીરામીક કારખાનાઓ સાથે જોડાયેલ વ્યક્તિઓ તેમજ કર્મચારીઓ ૭ મી મેના રોજ પ્રથમ મતદાન કરવાનો આગ્રહ રાખે અન્ય કામોને ત્યાર બાદ પ્રાથમિકતા આપવા જણાવ્યું હતું. માલિકો અવશ્ય મતદાન કરે તેમજ કારખાનામાં કામ કરતાં કર્મચારીઓને પણ મતદાન કરવા પ્રેરણા આપવી જોઈએ.

આ પ્રસંગે જીલ્લા વિકાસ અધિકારી જે. એસ પ્રજાપતિએ જણાવ્યું હતું કે ભારત દેશ દુનિયોનો સૌથી મોટો લોકશાહી દેશ છે. લોકશાહી પ્રજા દ્વારા મળે છે. આપણા બંધારણમાં મતદારોને મતદાન માટેની તક આપી છે. વધુમાં વધુ લોકો મતદાન પ્રક્રિયામાં ભાગ લ્યે તે બંધારણના ઘડવૈયાઓનો ઉદ્દેશ્ય હતો તે આપણે પાર પાડી શકીશું. મતદાન કરવું એ આપણી સૌની ફરજ છે અને પરિવારના સભ્યોને, ધંધા વ્યવસાય સાથે જોડાયેલા લોકોને મતદાન કરવા પ્રેરીત કરી બંધારણના હેતુને ચરિતાર્થ કરવાનો છે.

નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી કુલદીપસિંહ વાળાએ સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે તમામ મતદારો ચૂંટણી દરમિયાન કોઈ પણ પ્રલોભનમાં આવ્યા વિના નૈતિકતાથી મતદાન કરે તે હેતુને પ્રાપ્ત કરવો એ લોકશાહી ઉજવણીનો મુખ્ય ઉદેશ છે. સીરામીક એસોસીએશન વીટ્રીફાઇડ ટાઇલ્સ ડીવીઝનના પ્રમુખ મુકેશભાઇ કુંડારીયાએ જણાવ્યું હતું કે ભારત દેશમાં લોકશાહીમાં મતદાનનું પણ ખુબજ મહત્વ હોય ૭ મી મે ના રોજ અવશ્ય મતદાન કરીએ.

મોરબી જીલ્લામાં દરેક વ્યક્તિ મતદાન બાબતે જાગૃત બને અને કોઈપણ મતદાર મતદાનના હકથી વંચિત ન રહે તે માટે જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ કામગીરી, આયોજનો અંગે ઉપસ્થિત લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા તેમજ અવશ્ય મતદાન કરવાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. મતદાનની પવિત્ર ફરજ માટે 'મતદાર જાગૃતી' ફિલ્મ બતાવવામાં આવી હતી. સાથે હું મતદાન કરીશ તે અંગે સિગ્નેચર ઝુંબેશ હાથ ધરાઈ હતી.

આ કાર્યક્રમમાં મોરબી પ્રાંત અધિકારી સુશીલકુમાર પરમાર, જીલ્લા પ્રાથમિક શિક્ષણા અધિકારી એન.એ.મહેતા, જી.પી.સી.બી. પ્રાદેશિક અધિકારી મહેન્દ્ર સોની, જીલ્લા ઉદ્યોગકેન્દ્ર અધિકારી મોરી, મદદનીશ શ્રમ આયુક્ત અધિકારી જે.આર.જાડેજા, જીલ્લા વહિવટી તંત્રના અધિકારીઓ, સીરામીક એસોસીએશન વોલ ટાઈલ્સ પ્રમુખ હરેશભાઈ બોપલીયા, સીરામીક એસોસીએશન ફ્લોર ટાઈલ્સ પ્રમુખ વિનુભાઈ ભાડજા, સીરામીક એસોસીએશન સેનટરીવેર પ્રમુખ કીરીટભાઈ પટેલ, સીરામીક એસોસીએશન પુર્વપ્રમુખ મુકેશભાઈ ઉઘરેજા, મોટી સંખ્યામાં સિરામીક એસો.ના હોદ્દેદારો, વિવિધ એસોસીએશનના આગેવાનો, ઉદ્યોગજગતના અગ્રણીઓ ફેકટરીઓમાં કામ કરતા કર્મચારીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# હું ક્ષત્રિય સમાજની હાથ જોડી માફી માંગુ છું: પરષોત્તમ રૂપાલા

## ક્ષમા આપવી એ ક્ષત્રિયનો ધર્મ છે: પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા: શેમળા ખાતે જયરાજસિંહ જાડેજાના ફાર્મ હાઉસ ખાતે ક્ષત્રિય સમાજની બેઠક મળી






(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, ગોંડલ**

રાજકોટ લોકસભા નાં ભાજપ નાં ઉમેદવાર અને કેન્દ્રીયમંત્રી પરસોતમ રૂપાલા એ રાજા રજવાડા અંગે કરેલી ટીપ્પણી ને લઈ ને ગુજરાત ભર માં ક્ષત્રીય સમાજ માં રોષ ફેલાયો હતો.ક્ષત્રિય સમાજ નો રોષ તિવ્ર બનતા ભાજપ દ્વારા ડેમેજ કંટ્રોલ ની કાર્યવાહી હાથ ધરી ગોંડલ નાં પુર્વ ધારાસભ્ય જયરાજસિહ જાડેજા ને જવાબદારી સોંપાતા જયરાજસિહ નાં ફાર્મહાઉસ ખાતે ક્ષત્રિય સમાજ ની બેઠક નું આયોજન કરાયુ હતુ

જેમા પરસોતમભાઇ રૂપાલા એ ક્ષત્રિય સમાજ નાં સમુહ સામે માફી માંગી પોતે બોલેલા શબ્દો અંગે અફસોસ વ્યક્ત કર્યો હતો.બેઠક નાં આયોજક જયરાજસિહ સહિત અન્ય ક્ષત્રિય આગેવાનો એ આ વિવાદ અહી પુરો થાય છે તેવી ઘોષણા કરી હતી.અલબત કરણીસેના સહિત અન્ય ક્ષત્રિય સંગઠનો નાં આગેવાનો બેઠક માં હાજર રહ્યા ના હતા.બીજી બાજુ આ બેઠક અને જયરાજસિહ વિષે સોશ્યલ મીડીયા માં કેટલાક ક્ષત્રિય સંગઠનો અને વ્યક્તિઓ એ વિરોધ વ્યક્ત કર્યો હોય જયરાજસિહ જાડેજાએ તેમના સ્વભાવ મુજબ સોશ્યલ મીડીયા માં નહી પણ સામે આવો તેવો પડકાર પણ ફેક્યો હતો.

ગોંડલ નાં સેમળા પાસે આવેલા ફાર્મહાઉસ ખાતે મળેલી બેઠક માં પરસોતમ રૂપાલા એ ભાવવાહી બની કહ્યુ કે મારી જીભ થી આવી વાત થઈ તેનો મને રંજ છે.મને પુરો અફસોસ છે.મારી વાત થી મારી પાર્ટી ને પણ દુખ થયુ છે.હું બે હાથ જોડીને ક્ષત્રિય સમાજ ની માફી માંગુ છુ.મારાં સમર્થન માં અનેક આગેવાનોએ નિવેદન આપવા પહેલ કરેલી પણ ભુલ મારી હતી.મે ના કહી મારી ભુલ નો હું એકલો જવાબદાર છુ.તેવું કહ્યુ હતુ. તેમણે કહ્યુ કે મારા સમર્થનમાં અહી ઉપસ્થિત ક્ષત્રિય સમાજ અને જયરાજસિંહનો હું અંત કરણ થી આભાર માનુ છું

જયરાજસિહ જાડેજાએ કહ્યુ કે પરસોતમભાઇ એ કરેલી ભુલ થી મને પણ દુખ લાગ્યુ છે. પરસોતમભાઇ એ ભુલ થયાની થોડી ક્ષણોમા માફી માંગીછે.ક્ષમા આપવી એ ક્ષત્રિય ધર્મ છે.આજની બેઠકનો નિર્ણય મારા એકલાનો નથી. આ સમગ્ર ક્ષત્રીય સમાજ નો છે. પરસોતમ રૂપાલાની ભુલ ને હવે ભુલવાની છે. રાષ્ટ્ર ને નરેન્દ્રભાઈ મોદી ની જરૂર છે.અને પરસોતમ રૂપાલા એ મોદીજી નાં પ્રતિનિધિ છે એ ના ભુલવું જોઈએ.

બેઠક માં ઉપસ્થિત સાંસદ કેસરીદેવસિહ ઝાલા, ધારાસભ્ય કિરીટ સિંહ રાણા, ભાજપનાં પ્રદેશ ઉપાધ્યક્ષ મહેન્દ્રસિંહ સરવૈયા, રાલો સંઘ નાં નરેન્દ્રસિંહ જાડેજા, પ્રતિપાલસિંહ ઝાલા સોળવદર, શક્તિસિંહ ભુમી ગળપ, કનકસિંહ જાડેજા, અલ્પેશભાઈ ઢોલરીયા સહિત નાં વકતાઓ એ પરસોતમ રૂપાલાનાં મુદ્દાને સમાપ્ત કરી ક્ષમા ક્ષત્રિયનું આભુષણ છે તેવુ કહી હકારાત્મક વલણ દાખવવા અપીલ કરી હતી.ગોંડલ ખાતે યોજાયેલી બેઠક માં મોરબી, વાંકાનેર, ટંકારા, પડધરી, લોધીકા, ધોરાજી, ભાયાવદર, જામકંડોરણા સહિત સૌરાષ્ટ્રભરનાં ક્ષત્રિય તથા કાઠી સમાજ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટના બે યુવા એડવોકેટ ભાવેશ રંગાણી તથા વિશાલ ગીણોયાની નવી ઓફિસનો કાલે શુભારંભ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

આવતી કાલ તારીખ ૩૧-માર્ચને રવિવારના રોજ રાજકોટમાં રેવન્યુ પેકટીશ સાથે જોડાયેલ બે-યુવા એડવોકેટ ભાવેશ રંગાણી તથા વિશાલ ગીણોયાની નવી તૈયાર થયેલ ઓફીસ 'ધી લો પોઈન્ટ એશોસીએટસ'નું ઉધ્ધાટન સમારહો થવા જઈ રહેલ છે. રાજકોટમાં ૨૦ વર્ષથી રેવન્યુ ક્ષેત્રેમાં વકીલાતની પ્રેકટીશ કરતા અને રેવન્યુ કાયદામાં ખુબ બહોળો અનુભવ ધરાવતા એવા બંન્ને એડવોકેટ દ્વારા વકીલાતના ક્ષેત્રમાં ખુબ પ્રગતિ કરેલ છે અને હાલ ૧૫૦ ફુટ રીંગ રોડ કે.કે.વી હોલ પાસે આવેલ સંસ્કાર કોમ્પલેક્ષ ખાતે તેઓએ બનાવેલ નવી ઓફીસનું ઉદ્ઘાટન થવા જઈ રહેલ છે જે ઉદ્ઘાટન પ્રસંગે તેમના મિત્ર વર્તુળ તેમજ જમીન મકાન ધંધા સાથે સંકળાયેલ તેમના અસીલો તેમજ તેમના સગા સંબંધીઓ તેમજ તેમના એડવોકેટ મિત્રો તથા સીનીયર એડવોકેટસ તથા લોયર્સ સ્પોર્ટસ ફાઉન્ડેશન, વોઈસ ઓફ લોયર્સ તથા યુવા લોયર્સ ગ્રૂપ વિગેરેએ તેમજ બિલ્ડર્સ ગ્રૂપ દ્વારા ખુબ-ખુબ અભિનંદન પાઠવેલ છે

એડવોકેટ ભાવેશ રંગાણી તથા વિશાલ ગીણોયાએ તેમના રેવન્યુ વકીલાતના પોતાના બહોળા અનુભવથી અને રેવન્યુ કાયદાના નોલેજેથી રેવન્યુ કાયદા હેઠળ આવતા કામકાજો જેવા કે બીનખેતી, નવી શરતની જમીનના હેતુફેર, એ.એલ.સી. એકટ અંગેની મેટર, જાગીર ઉપાર્જન ધારો, ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટ, રીયલ એસ્ટેટ એન્ડ રેગ્યુલરાઇઝ એકટ (રેરા) તથા પાવર ઓફ એટર્ની એકટ, તેમજ જમીન મહેસુલને લગતા વિવિધ કાયદાઓ તથા વારસા સબંધી કાયદાની મેટર તથા જમીન મહેસુલ હકકપત્રકને લગતી મેટરો, રેવન્યુ અપીલો કલેકટર, એસ.એસ.આર.ડી. તેમજ રેવન્યુ ટ્રીબ્યુનલ વિગેરેમાં કામ કરી ખુબ મોટા પ્રમાણમાં સફળતા મેળવેલ હોય તેથી રાજકોટમાં ખુબ મોટો અસીલ વર્ગ તેમજ મિત્ર વર્તુળ ધરાવતા હોય અને તેમજ આ નવી ઓફીસના ઉધ્ધાટનને લઈ તમામ મિત્રવર્ગ તેમજ સગા સંબંધીઓ તથા તેમના અસીલોએ ખુશી વ્યકત કરેલ છે. અને હર્ષની લાગણી અનુભવેલ છે.

# વાડી વિસ્તારમાં વિદેશી દારૂ સાથે બે શખ્સો ઝડપાયા




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર અધીક્ષક પ્રેમસુખ ડેલૂએ જામનગર જીલ્લા માથી દારૂ જુગારની બદીને નેસ્ત નાબુદ કરવા પ્રોહીબીશન તથા જુગાર ધારાના કેસો શોધી કાઢવા સુચના કરતા એલ.સી.બી. ના પોલીસ ઇન્સ . વી.એમ.લગારીયાના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. ના પો.સ.ઇ. આર.કે.કરમટા તથા પો.સ.ઇ. પી.એન.મોરી તથા સ્ટાફના માણસો પ્રોહી જુગારના કેસો શોધી કાઢવા અંગે જામનગર ગ્રામ્ય તથા લાલપુર તાલુકા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા . દરમ્યાન એલ.સી.બી. સ્ટાફના હરદીપભાઇ બારડ , મયુરસિંહ પરમાર તથા રૂષિરાજસિંહ વાળાને મળેલ ખાનગી હકિકત આધારે લાલપુર તાલુકાના મોટીરાફુદળગામ ની સીમમાં અનવરભાઇ બેગની કબ્જાની વાડી માંથી આરોપીઓ અનવરભાઇ ઉર્ફે અનીયો અબ્દુલભાઇ બેગ રહે . મોટીરાફુદળ તા.લાલપુર જી.જામનગર તથા માલાભાઇ ઉર્ફે માલદે હીરાભાઇ પંડત રહે . દલતુંગીગામ તા.લાલપુર જી.જામનગર વાળાઓના કબ્જા માંથી ભારતીય બનાવટની ઇગ્લીશ દારૂની બોટલો નંગ-૧૬૬ કિ.રૂ. ૬૬,૪૦૦ તથા બે મોબાઇલ ફોન કિ.રૂ. ૧૦,૦૦૦ તથા બોલેરો પીકઅપ કિ.રૂ. ૫,૦૦,૦૦૦ મળી કુલ રૂ. ૫,૭૬,૪૦૦ ના મુદામાલ સાથે પકડી પાડી મજકુર આરોપીઓ વિરૂધ્ધ પો . કોન્સ . રૂષિરાજસિંહ વાળાએ ફરીયાદ રીપોર્ટ આપતા પો . હેડ કોન્સ . હરદીપભાઇ બારડએ પ્રોહીબીશન ધારા હેઠળ કાયદેસર ની કાર્યવાહી કરેલ છે . દારૂ સપ્લાય કરનાર ભરતભાઇ કાઠી રહે . ચોટીલા જી.સુરેન્દ્રનગર વાળાને પકડવાની કાર્યવાહી ચાલુમાં છે . આ કાર્યવાહી પો.ઇન્સ. વી.એમ.લગારીયાના માર્ગદર્શન મુજબ પો.સ.ઇ. આર.કે.કરમટા તથા પો.સ.ઇ. પી.એન.મોરી તથા એલ.સી.બી. સ્ટાફના સંજયસિંહ વાળા , હરપાલસિંહ સોઢા , ભરતભાઇ પટેલ , નાનજીભાઇ પટેલ , શરદભાઇ પરમાર , દિલીપભાઇ તલવાડીયા , વનરાજભાઇ મકવાણા , ધાનાભાઇ મોરી , હિતેન્દ્રસિંહ જાડેજા , અરજણભાઇ કોડીયાતર , મયુદીનભાઇ સૈયદ , ક્રિપાલસિંહ જાડેજા , કાસમ બ્લોચ , નિર્મળસિંહ જાડેજા , કિશોરભાઇ પરમાર , હરદીપભાઇ બારડ , રૂષીરાજસિંહ વાળા , મયુરસિંહ પરમાર , કલ્પેશભાઇ મૈયડ , ધમેન્દ્રસિંહ જાડેજા , દયારામ ત્રિવેદી , બીજલભાઇ બાલાસરા તથા ધમેન્દ્રસિંહ જાડેજા , ભારતીબેન ડાંગર વિગેરે દ્વારા કરવામા આવેલ છે .

# જામનગરમાં ખોડલધામ કેન્સર હોસ્પિટલના ભૂમિદાન માટે સેવકોને તાલીમ અપાઇ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ખોડલધામ કેન્સર હોસ્પિટલના ભૂમિદાન માટે સેવકોને તાલીમ અપાઇ.કાગવડ ખોડલધામ ટ્રસ્ટ દ્વારા નિર્માણ પામનાર ખોડલધામ કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરના ભૂમિદાન માટે ભૂમિ સેવકો દાતાઓ સુધી પહોંચીને ખોડલધામ એપ્લિકેશન મારફતે ઓનલાઈન દાન મેળવી રહ્યા છે. ત્યારે ભૂમિ સેવકોને ખોડલધામ એપ્લિકેશન અંગેની તાલીમ આપવામાં આવી રહી છે.

જેના ભાગરૂપે ભૂમિ સેવકોને ખોડલધામ એપ્લિકેશન મારફતે કંઈ રીતે ભૂમિદાન લઈ શકાશે તે અંગેના તાલીમ કાર્યક્રમનું આયોજન જામનગરમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ખોડલધામ સમિતિના ચેરમેન નરેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.અધ્યક્ષસ્થાને કરાવામાં આવશે. જેમાં જામનગર જિલ્લાના ભૂમિ સેવકો, તમામ કાર્યકર્તાઓ, હોદ્દેદારો ભાઈઓ તથા બહેનોને ખોડલધામ એપ્લિકેશન મારફતે ભૂમિદાન એકત્ર કરવાની જરૂરી તાલીમ આપવામાં આવી હતી.આ કાર્યક્રમમાં ખોડલધામ ટ્રસ્ટ કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ તેમજ ટ્રસ્ટી ચિરાગભાઈ શિયાણી બકુલભાઈ સોરઠીયા તેમજ જામનગરના ખોડલધામ ના ટ્રસ્ટીઓ કન્વીનર અને લેઉવા પટેલ સેવા સમાજના પ્રમુખ મનસુખભાઈ રાબડીયા સહિત ખોડલધામના કાર્યકરો અને સમાજના આગેવાનો હાજર રહ્યા હતા.જામનગરના રણજિતનગરમાં આવેલાં લેઉવા પટેલ સેવા સમાજમાં શુક્રવારે સાંજે રાજકોટ જિલ્લાના અમરેલીમા ખોડલધામ કાગવડ દ્વારા નિર્માણ પામવા જઈ રહેલી સર્વ સમાજ માટેની આધુનિક કેન્સર હોસ્પિટલ માટેના ભૂમિદાન અંગેની એપ્લિકેશનના ઉપયોગ અંગેનો તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ભૂમિદાન તથા રોકડ દાન વ્યવહારમાં કોઈ પણ પ્રકારની છેતરપિંડીને અવકાશ ન રહે, દાન હિસાબમાં પારદર્શકતા રહે અને સમગ્ર દાન પ્રક્રિયાનું સરળ રીતે સંચાલન થઈ શકે તે માટે આ એપ્લિકેશન બનાવવામાં આવી છે, જેની તાલીમ જામનગર જિલ્લાના ભૂમિ સેવકોને આપવામાં આવી. આ તકે નરેશભાઈ પટેલએ એમ પણ જાહેર કર્યું હતું કે, આ હોસ્પિટલ માટેના દાનની રોકડ રકમ ખોડલધામની આ માટેની કમિટી સિવાય કોઈને પણ આપવાની રહેશે નહીં.

# હાઈ-વે પર બેફામ રીતે સ્ટંટ કરતા બે રીક્ષા ચાલકોને દબોચી લેવાયા




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં રહેતા બે શખ્સોને ઝડપી લીધા.ખંભાળિયા દ્વારકા માર્ગ પર બે રીક્ષા ચાલકો દ્વારા બેફામ રીતે સ્ટંટ કરીને કોઈ પણ વ્યક્તિના જીવનને જોખમાય તે રીતે રીક્ષાઓ ચલાવતા પોલીસે તાકીદે કાર્યવાહી કરી, જામનગરમાં રહેતા બે શખ્સોને ઝડપી લીધા હતા.ખંભાળિયા નજીકના હાઈવે માર્ગ પર બે રીક્ષા ચાલકો મોતનો ભય રાખ્યા વગર લોકોને જિંદગી જોખમાય તે રીતે રીક્ષા ચલાવતા હોવા અંગેના ઈન્સ્ટાગ્રામ પર અપલોડ થયેલા વીડિયો ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિના ધ્યાન પર આવ્યા હતા. આના અનુસંધાને ખંભાળિયાના પી.આઈ. બી.જે. સરવૈયાએ આ અંગે જિલ્લા ટ્રાફિક શાખાના પી.એસ.આઈ. વી.એમ. સોલંકીને આપેલી સૂચના અંતર્ગત પોલીસ સ્ટાફ દ્વારા રિક્ષા નંબર પરથી તાકીદની કાર્યવાહી કરી અને આ પ્રકરણમાં જવાબદાર મનાતા જામનગરના માજોઠી નગર વિસ્તારમાં રહેતા સાજીદ આમદ માકોડા (ઉ.વ. ૩૩) અને બસીર યુસુફ સમા (ઉ.વ. ૨૨) નામના બે શખ્સોને રીક્ષા સાથે ઝડપી લીધા હતા. ત્યારબાદ બંને સામે પોલીસ દ્વારા ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી હતી.ખંભાળિયાથી દ્વારકા તરફ જતા માર્ગે વડત્રા અને દાત્રાણા ગામના પાટીયા વચ્ચેનો આ વિડીયો હોવાનું કહેવાય છે. આ સમગ્ર કાર્યવાહી અહીંના પી.આઈ. બી.જે. સરવૈયા, પી.એસ.આઈ. વી એમ. સોલંકી, હેમતભાઈ નંદાણીયા, જયમીનભાઈ ડોડીયા, ખીમાણંદભાઈ આંબલીયા, જેઠાભાઈ પરમાર, દિવ્યરાજસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ જાડેજા તથા કાનાભાઈ લુણા દ્વારા કરવામાં આવી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે હાલ લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને પોલીસ તંત્ર દ્વારા સોશિયલ મીડિયા પર તેજ નજર રાખવામાં આવી રહી છે. ત્યારે આગામી દિવસોમાં પણ આ પ્રકારે ગુનાહિત પ્રવૃત્તિઓ કરતા શખ્સો સામે પોલીસ તંત્ર દ્વારા કડક સાથે કામગીરી કરવામાં આવશે તેમ પણ જણાવાયું છે

# જેતપુર તાલુકામાં વિવિધ જગ્યાએ વિરોધી પોસ્ટરો લાગતા ભાજપના નેતાઓમાં ભારે દોડધામ






**મુખ્ય સમાચાર, જેતપુર**

પોરબંદર બેઠક પર ભાજપમાંથી ઉમેદવાર તરીકે મનસુખ માંડવિયા ને જાહેરાત કરવામાં આવી છે. તો બીજી બાજુ કોંગ્રેસમાંથી ઉમેદવાર તરીકે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાને ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા છે. ત્યારે આજે જેતપુર તાલુકાનાં વિવિધ ગામોમાં મનસુખભાઇ માંડવિયા વિરુદ્ધ પોસ્ટર લાગ્યા છે. પોરબંદર લોકસભા આયાતી ઉમેદવાર આજ પણ નહિ સ્વીકારીએ.. કાલેપણ નહિ સ્વીકરીએ માંગ સાથે અલગ અલગ ગામોના વિસ્તારોમાં પોસ્ટર લાગતા રાજકારણ ગરમાયું છે.

જેતપુર તાલુકાના મેવાસા, કેરાળી,પાંચપીપળા, પ્રેંમગઢ,તેમજ અન્ય ગામોમાં મનસુખ માંડવિયા વિરુદ્ધ બેનરો લાગ્યા છે. આ બેનરોમાં પોરબંદરમાં આયાતી ઉમેદવાર આજપણ નહી અને કાલેપણ પોરબંદરમાં આયાતી ઉમેદવાર આજપણ નહી સ્વીકારે અને કાલે પણ નહિ સ્વીકારીએ આ વિસ્તારના મતદારો નહી જ સ્વીકારે....નાં બેનરો લાગ્યા..

પોરબંદર લોકસભા મત વિસ્તારમાં સાત વિધાનસભા બેઠકોમાં પોરબંદર, કુતિયાણા, માણાવદર, કેશોદ, ગોંડલ, ધોરાજી, જેતપુર, ગોંડલ સહિત બેઠકોનો સમાવેશ થાય છે. પોરબંદરમાં પાટીદાર ફેક્ટર છે. પરંતુ ભાજપે સ્થાનિક નેતાઓ જેવા કે રમેશ ધડૂક, પ્રશાંત કોરાટ, જશુબેન કોરાટ અને જયેશ રાદડિયાને કટ ટુ સાઈઝ કરીને મનસુખ માંડવિયાને મેદાને ઉતાર્યા છે. જેના કારણે બધા નેતાઓના સમર્થકોમાં નારાજગી જોવા મળી હતી. તેમજ લોકોમાં પણ આયાતી ઉમેદવારને લઈને નારાજગી જોવા મળી રહી છે. જો કે આ બેનર કોને લગાવ્યા તે હજુ સામે આવ્યું નથી.

### ધોરાજીમાં ગંદકી બાબતે ચીફ ઓફિસરનો ઉડાઉ જવાબ

# માતાવાડી વિસ્તારમાં ૨૫ દિવસથી ઉભરાતી ભૂગર્ભ ગટરથી ભયંકર રોગચાળો ફેલાય તેવી સંભાવના


## અનેક વખતની રજુઆતો પછી પણ વહીવટદાર કે પાલિકાના ચીફ ઓફિસરના પેટનું પાણી પણ હલતું નથી

**મુખ્ય સમાચાર, હરેશ ભાલિયા**

**ધોરાજી:** ધોરાજી શહેરમાં અત્યારે ગંદકીએ માઝા મૂકી છે. રોગચાળાના વાયરા વચ્ચે જાનના જોખમે જીવતા શહેરીજનો ગંદકીની ફરિયાદ કરવા જાય છે પણ બહેરા, મૂંગા અને સુરદાર જેવા બેઠેલા સત્તાધીશો હજુ પણ કુંભકર્ણની ભૂમિકામાં રાચતા હોવાના પ્રજાના આક્ષેપો છે. બીજીબાજુ સત્તાના કેફમાં રાચતા પાલિકાના ચીફ ઓફિસરે પત્રકારોને ગંદકી બાબતે બે શબ્દો બોલવાની કે ઇન્ટરવ્યુ આપવાની ઘસીને નાં પાડી દેતા આ મહાશય અધિકારી કેટલું ખાયબદેલા હશે અને ભાજપના રાજમાં આવો રૌફ જમાવે છે તે ઉચ્ચ સત્તાધીશો માટે શરમજનક ગણાવાઈ રહ્યું છે.

મળતી વિગતો મુજબ ધોરાજી શહેરના માતાવાડી વિસ્તારમાં છેલ્લા ૨૦-૨૫ દિવસથી પ્રાથમિક સુવિધાઓથી વંચિત લત્તાવાસીઓ ભૂગર્ભ ગટરના ઉભરાતા પાણીથી ત્રસ્ત બની ગયા છે. ગંધાતા પાણી રોડ ઉપર આવીને રોડ રસ્તા તેમજ લાત્તાવાસીઓનું સ્વાસ્થ્ય બગાડતા હોવાના આક્ષેપો પછી પણ તંત્ર જાગતું નથી.





### મત આપીએ છીએ પણ સમસ્યા હલ થતી નથી

ગગજીભાઈ ચારણ સહિતના જાગૃત લોકોએ કહ્યું કે તેઓએ કદી મતદાન કરવાની નાં પાડી નથી અને જેઓ કામ કરે છે તેને વખતોવખત મત આપ્યા છે પણ મતલબ નિકલ ગયા તો પહેચાનતે નહિ જેવી નીતિ સત્તાધીશો સાબિત કરતા હોવાથી સમસ્યા હલ કરવા હવે કોને ફરિયાદ કરવી તેવો સવાલ ઉભો થયો છે. આ બાબતે જે હોય તે પણ આગામી ચૂંટણીમાં જે ઉમેદવારોને જીતવું હોય તે ઉમેદવારો માતાવાડીનો ગંદકીનો પ્રશ્ન હલ કરાવે તે જરૂરી હોવાનું લત્તાવાસીઓ કહે છે.

### ઈન્ટરવ્યુ ન આપી શકું : ચીફ ઓફિસરનો ઉડાઉ જવાબ

આ લખનાર પત્રકાર દ્વારા જ્યારે ધોરાજી પાલિકાના ચીફ ઓફિસરનો ટેલીફોનીક સંપર્ક કરાયો અને ગંદકી બાબતે નિવેદન આપવા માંગ કરવામાં આવી ત્યારે આ મહાશય ચીફ ઓફિસરે સત્તાનો કેફ બતાવી પત્રકારને સંભળાવી દીધું હતું કે હું ઇન્ટરવ્યુ ન આપી શકું. ટૂંકમાં શહેરમાં ફેલાઈ રહેલી ગંદકીએ પાલિકા તંત્રની આબરુને ધૂળ ધાણી કરી નાખી છે. આબરૂ સાચવવા તંત્રે કોઈ નક્કર કામગીરી કરીને પ્રજાની સમસ્યા હલ કરવા જાગવું જોઈએ અને સમસ્યા ઉકેલવા સતર્ક થવું જોઈએ તેને બદલે વહીવટદાર કે પાલિકાના ચીફ ઓફિસર આ બાબતે હજુ ઘોરતા હોવાથી લત્તાવાસીઓમાં રોષ ફાટી નીકળ્યો છે.

આ વિસ્તારના જાગૃત લોકો અને અભણ મહિલાઓ ખુલ્લા આક્ષેપો કરતા કહે છે કે, ગંદકી બાબતે અનેકવખત રજુઆતો કરવામાં આવી છે પણ વહીવટદાર કે ચીફ ઓફિસર દ્વારા કોઈ સહકાર અપાતો નથી. અને કોઈ સમસ્યાઓ હલ પણ થતી નથી. ભૂગર્ભ ગટરના પાણી ઉભરાતા હોવાથી આ વિસ્તારમાં ભયંકર રોગચાળાને આમંત્રણ મળી રહ્યું છે છતાં સત્તાધીશો જાડી ચામડીના બની બેઠા બેઠા એસીની હવા ખાઈને ટેસડા કરે છે.

શહેર કોંગ્રેસના દિનેશભાઈ વોરાએ પણ રોષિત અવસ્થામાં જણાવ્યું હતું કે શહેરમાં ગંદકીએ માઝા મૂકી છે ઠેર ઠેર ગંદકીના ગંજ ખડકાઈ ગયા છે, ઘરે ઘરે માંદગીના ખાટલા મંડાઈ ગયા છે. તંત્ર સબ સલામતની આલબેલ પોકારી મૂર્ખતાનું પ્રદર્શન કરી રહ્યું છે. એટલુજ નહિ શહેરની ગંદકી દુર કરવા કોઈ લેશમાત્ર પ્રયાશ ના કરતા હોવાના આક્ષેપો થયા છે.

આ વિસ્તારની મહિલાઓ કહે છે કે અમોએ ધારાસભ્યને પણ કોલ કરીને ગંદકીની જાણ કરી છે પણ ધારાસભ્ય ફરકતા નથી. એકંદરે આ વિસ્તારમાં ભયંકર રોગચાળો જન્મે તેની તંત્ર રાહ જોતું હોવાનું સાબિત થઇ રહ્યું છે. લોકોમાં એટલો રોષ છવાયો છે કે તેની અસર અગામી લોકસભાની ચૂંટણીમાં બતાવવા તૈયારીઓ કરાઈ રહી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# વીરપુરના પ્રેમગઢ ગામે જુગાર રમતા સાત શખ્શોની પોલીસે કરી ધરપકડ

## શાપર વેરાવળના યુવાનને સોશિયલ મીડિયામાં બે શખ્સોએ ગાળો ભાંડતો વિડિયો વાયરલ થતા ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

વીરપુર તાલુકાના પ્રેમગઢ ગામની સીમમાં આવેલ કિરીટ માકડીયાની વાડી પાસે જાહેરમાં જુગાર રમતા સાત શખ્સોને પોલીસે દબોચી લઈ રોકડા રૂપિયા ૨૧,૩૦૦ નો મુદ્દા માલ કબ્જે કર્યો છે.



આ અંગેની માહિતી મુજબ વીરપુર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ વીડી ચાવડા કોન્સ્ટેબલ ગિરીશભાઈ બગડા સહિતનો સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ હકીકતના આધારે પ્રેમગઢ ગામની સીમમાં આવેલ કિરીટ માકડીયા ની વાડી પાસે દડો પાડતા જાહેરમાં જુગાર રમતો કિરીટ મગન માકડીયા લવજી મોહન રાછડીયા નીતિન ડાયા માંડવીયા સુરેશ બચુ ભટ્ટી જીવરાજ ભીમજી રાછડીયા હસમુખ કાનજી પોકીયા અને અમરસિંહ સવજી રાછડીયા સહિત સાત સક્ષોની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા રૂપિયા ૨૧,૩૦૦ નો મુદ્દા માલ કબજે કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જ્યારે અન્ય એક બનાવવામાં શાપર વેરાવળમાં આવેલ સર્વોદય સોસાયટી માં રહેતો સંજય કાનજીભાઈ પરમાર યુવાને શાપર વેરાવળ પોલીસમાં શક્ષતફિંલફિળ માં આઈડી ધરાવતા બે શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે આ બંને સક્ષોએ અલગ અલગ આઈડી માં ગાળો ભાન તો અને અપમાનિત શબ્દો સાથે નો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ કરી તેની બદનામી કરી હોવાની ફરિયાદ નોંધાવતા ગોંડલ વિભાગના સીપીઆઈ એસજી રાઠોડ એ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# ક્રિષ્ના બંગ્લોઝમાં લગ્નના ત્રણ દિવસ બાદ પરણીતાને ત્રાસ આપવાનુ સાસરીયાએ શરૂ કર્યું

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના નંદનવન રોડ પર તપન સ્કૂલ ની સામે ક્રિષ્ના બંગલોઝ ના ત્રીજા મળે રહેતી ચૈતાલીબેન મયુરભાઈ કુબાવત નામની પરણીતાએ મહિલા પોલીસમાં પતિ મયુર અનંતરાય કુબાવત સાસુ મીના ઉર્ફે મંજુ સસરા અનંતરાય વિરોધ ફરિયાદ નોંધાવી છે કે લગ્નના ત્રીજા દિવસ બાદ પતિ સહિતના સાસરીયાઓ નાની-નાની બાબતોમાં ઝઘડો કરી શારીરિક માનસિક ત્રાસ આપી ઘરમાંથી કાઢી મુકતા મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે બનાવના પગલે પી.એસ.આઇ એમ એસ ત્રિવેદીએ સાસરીયા વિરુદ્ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# બેકબોન હોસ્પિટલમાં તબીબની બેદરકારીથી વૃધ્ધનું મોત થવાનો પરિવારજનોનો આક્ષેપ

## ૬૦ હજારનું સારવારનું બિલ ન ચુકવતા ખોટા આક્ષેપ કર્યા હોવાનો તબીબોનો ખુલાસો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના નાનામવા રોડ પર આવેલી બેકબોન મેડિસીટી હોસ્પિટલનાં તબીબોની બેદરકારીથી ઉપલેટાનાં એક વૃધ્ધનું મૃત્યુ થયાનો આક્ષેપ થયો છે. મૃતકની પુત્રીએ તબીબોએ વધુ રૂપિયા પડાવવાનો ખેલ રમી પિતાનો જીવ લીધો હોવાનો આક્ષેપ કરતી અરજી કરીને કસુરવાર તબીબો સામે પગલા ભરવા માલવિયાનગર પોલીસ સમક્ષ માંગ કરી છે. બનાવની મળતી વિગતો મુજબ સત દેવિદાસપરા ઢાંક માર્ગ ઉપલેટામાં રહેતા મનસુખભાઈ સોમાભાઇ જારેરા (ઉ.વ.૬૦)ને શ્વાસ અને બ્લડ પ્રેસરની સારવાર સબબ, શહેરનાં નાનામવા રોડ પરની બેકબોન મેડીસીટી હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં.અહીં ઈમરજન્સી વિભાગમાં ડો. સિધ્ધાર્થભાઇ દ્વારા મનસુખભાઇની સારવાર શરૂ કરાઈ હતી. બીપીનું લેવલ સુધારવાનું કહી મનસુખભાઈને આઈસીયુ વોર્ડમાં શિફ્ટ કરાવ્યા હતાં. આઈસીયુમાં ડો.યતિન સવસાણી, ડો. રાજ વ્યાસ, ડો. ઉમંગ ગોસ્વામિ વિગેરે તબીબોની સારવાર



વચ્ચે મનસુખભાઈનું ગણતરીની કલાકોમાંજ મૃત્યુ થતાં જારેરા પરીવારનાં શોક છવાયો હતો.

દુ:ખની વાત સાથે પરીવારજનોએ એવો આક્ષેપ કર્યો હતો કે મનસુખભાઈનાં શ્વાસ બંધ થઇ ગયા હોવા છતાં હાઇડોઝના ઇન્જેક્શન દ્વારા ટ્રીટમેન્ટ ચાલુ હો ટ ચાલુ હોવાનું જણાવીને ઉપરોક્ત તબીબોએ દર્દી મનસુખભાઈનાં પરિવારજનોને આઇસીયુ વોર્ડ બહાર તગેડી મૂક્યાં હતાં. . મૃતક મનસુખભાઇની સુશિક્ષિત, એડવોકેટ પુત્રી સુમિતાબેને એવો આક્ષેપ કર્યો હતો કે તેણીના પિતાને બેકબોન મેડીસીટી હોસ્પિટલમાં દાખલ કરાયા ત્યારે રૂ.૧૦ હજાર અપાયા હતાં અને અમુક કલાકોની એટલે ૨૪ કલાક પહેલાંજ વધુ રૂ.૬૦,૦૦૦ માંગીને હોસ્પિટલના ડોકટરોએ માનવતા નેવે ચડાવી હતી. ટૂંકમાં માંગેલા પૈસા ન મળતા તબીબોએ સારવારમાં બેદરકારી દાખવી હોવાનો સુમિતાબેને આક્ષેપ હતો.

બીજી બાજુ સુમિતાબેનના આક્ષેપોની સત્યતા જાણવા બેકબોન મેડીસીટી હોસ્પીટલનાં તબીબોઅ જણાવ્યું હતું કે મનસુખભાઈની સારવારનું ૧.૫૩- ૫૪ હજાર જેટલું બીલ ન ચુકવવા ખોટા આક્ષેપો કરાયા છે. મૃતક દર્દીનાં પરિવારજનોએ યોગ્ય સહકાર પણ ન આપ્યો હોવાનો વસવસો તબીબોએ વ્યકત કર્યો હતો અને જણાવ્યું હતું કે સતત ધાકધમકીની ભાષામાં વાત કરતા હતા તેમજ પોલીસ સાથે પણ રફ વર્તન કર્યું હતું. આ ઉપરાંત યુવતીએ તેના પિતાના મૃતદેહનું પોસ્ટમોર્ટમ નહીં કરાવવ પણ હઠાગ્રહ કર્યો હતો અને તબીબોએ પી.એમ. કરાવવા આગ્રહ કરતા વધુ ઉગ્ર માથાકુટ કરી હતી.

# પાર્ટી પ્લોટમાં લગ્ન પ્રસંગમાંથી સગીરાનું અપહરણ કરી કૌટુંબિક કાકાએ કર્યા અડપલા

## માધાપર ચોકડી પાસે રહેતી વિપ્ર મહિલાએ ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે કરી વિકૃત શખ્સની અટકાયત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં વધું એક સગીરા પર જાતીય સતામણીનો બનાવ સામે આવતાં આરોપી સામે લોકોમાં રોષ ફેલાયો છે.૧૫૦ ફૂટ રિંગરોડ પર આવેલ પાર્ટી પ્લોટમાં લગ્નપ્રસંગે ગયેલા એક પરિવારની ૧૪ વર્ષની પુત્રીનું તેના કૌટુંબિક કાકાએ અપહરણ કરી પોતાના ઘરે લઈ જઈ શરીરે અડપલા કરી કપડાં કાઢવાનો પ્રયાસ કર્યો હતો. આ બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી આરોપીને સકંજામાં લઈ તપાસ શરૂ કરી છે.

માધાપર ચોકડી વિસ્તારમાં રહેતાં એક મહિલાએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે વિશાલ પ્રવિણચંદ્ર (રહે. વસંત કોમ્પલેક્ષ ૩૦૧, હરિદ્વાર સોસાયટી, પંચશીલ રોડ) નું નામ આપતાં ગાંધીગ્રામ પોલીસે આરોપી વિરુદ્ધ પોક્સો, છેડતી અને અપહરણની કલમ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી હતી. ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગઈ તા.૧૪ ના સાંજના સમયે ૧૫૦ ફૂટ રિંગરોડ પર આવેલ એક પાર્ટી પ્લોટમાં તેમની ૧૪ વર્ષની પુત્રી અને પરિવાર સાથે લગ્ન પ્રસંગમાં ગયાં હતાં. ત્યારે મોડી રાતે ત્યાં હાજર આરોપી ફરિયાદીનો કૌટુંબિક દિયર થતો હોય જેથી થોડે-થોડે વારે તેણીની પુત્રી પાસે આવતો હતો. બાદમાં મોડી રાતે આરોપીએ ફરિયાદીની પુત્રીને પોતાના ઘરે લઈ જાય છે તેમ કહેતાં આરોપીને પોતાની પુત્રીને ઘરે લઈ જવાની મહિલાએ ના પાડી હતી. જેથી બાદમાં ઉશ્કેરાયેલા આરોપીએ તરુણીનું પાર્ટી પ્લોટ માંથી અપહરણ કરી પોતાના ઘરે લઈ ગયા બાદ બળજબરીથી તરુણીને શરીરે અડપલાં કરી ગાલ પર કિસ કરી હતી.તેમજ તરુણીને કપડાં કાઢવાનો પ્રયાસ કર્યો હતો.જેથી ગભરાઈ ગયેલી તરૂણી ત્યાંથી ભાગી પરિવારને જાણ કરી ઘરે પહોંચી હતી.

બાદમાં તરણીએ તેની માતાને હકીકત જણાવતા તેઓએ પરિવારને જાણ કરી આરોપી વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી હતી. આ ફરિયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી પીઆઈ બી.ટી. અકબરી અને એએસઆઈ જે.કે. જાડેજા અને ટીમે કાનૂની તપાસનો દોર લંબાવ્યો છે.

# લીંબડીના બળોલ ગામે તળાવમાં ભેંસ કાઢવા ગયેલાં બે તરૂણના ડૂબી જતાં મોત

## કલાકો સુધી શોધખોળ કર્યા બાદ બંનેના મૃતદેહ બહાર કઢાયાઃ માલધારી પરિવારમાં કરૂણ કલ્પાંત

**મુખ્ય સમાચાર, વઢવાણ**

સુરેન્દ્રનગર જિલ્લાના લીમડી તાલુકાના બળોલ ગામ ખાતે માલધારી સમાજમાં અરેરાટી ફેલાઈ તેવી ઘટના સામે આવી છે માલધારી સમાજના બે તરૂણ પોતાના ઢોર લઈ અને સીમમાં ચરાવવા માટે ગયા હતા ત્યારે તળાવમાં પાણી જોઈ અને ભેંસો પાણીમાં જતી રહી હતી તેવા સમયે પાણીમાંથી ભેંસોને કાઢવા માટેના પ્રયત્નો કર્યા હતા પરંતુ ઉનાળાની ગરમી ના કારણે પાણીમાં ગયેલી ભેંસો બહાર આવી ન હતી ત્યારે આ બંને તરૂણ ભાઈઓ ભેંસોને બહાર લાવવા માટે તળાવમાં પડતા બંને યુવાનો ભેંસો બહાર આવે પહેલા જ ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આજુબાજુમાં જાણકારી મળતાની સાથે જ



લોકો દોડી આવ્યા હતા પરંતુ તળાવ અંદર શોધખોળ કરવા છતાં કલાકોની કલાકો સુધી બંનેના મૃતદેહ મળ્યા નહોતા ત્યારબાદ મહા મહેનતે તરવૈયાઓ એ બંનેના મૃતદેહ બહાર કાઢ્યા હતા ત્યારે જ્યાં ઘટના બની હતી ત્યાં માલધારી સમાજના ટોળેટોળા એકઠા થઈ જવા પામ્યા હતા અને શોકની લાગણી છવાઈ જેવા પામી હતી. બંને યુવાનના મૃતદેહ બહાર કાઢી અને પીએમ માટે બગોદરા હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યા હતાં અને આ અંગેની જાણકારી મળતા લીમડી પોલીસ ઘટના સ્થળ ઉપર પહોંચી અને તપાસ કરી રહી છે ત્યારે બંને મૃતકોમાં હર્ષદ મીઠાભાઈ ડાંગર (ઉ.વ.૧૫) અને પ્રવીણ મીઠાભાઇ ડાંગર (ઉ.વ.૧૩) હોવાનું બહાર આવ્યું છે માલધારી સમાજમાં આ ઘટનાને લઈ અને શોક ની લાગણી છવાઈ જવા પામી છે લીમડીના બળોલ ગામમાં બે બાળકોના તળાવમાંથી ભેંસોને બહાર કાઢી રહ્યા હતા. આ દરમિયાન કિશોરો ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. બીજી તરફ એક જ ઘરમાં પરિવારના કારણે શોકનો માહોલ છવાઈ ગયો છે.

# મોરબી રોડ પર કવરના ગોડાઉનમાં રૂા.૪૦ હજારના માલની ચોરી કરનાર બેલડી ઝડપાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના જુના મોરબી રોડ પર બારદાન ગલીમાં કલરના ગોડાઉનમાંથી તસ્કરો રૂા.૪૦ હજારની ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાતા બી ડીવીઝન પોલીસે ગણતરીના લોકોમાં જ સીસીટીવી ફુટેજ અને હ્યુમન રિસોર્સીઝ ની મદદથી ચોરી કરનાર બે શખ્સોને ઝડપી લઈ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો હતો. જાણવા મળતી વિગત મુજબ, જુના મોરબી રોડ પર દયાલ મીલ પાછળ બારદાન ગલીમાં કલર એસેસરીઝના ગોડાઉનની છતના પતરા ઉચકાવી તસ્કરો ગોડાઉનમાંથી વોટર પેપર નં.૨૭૦૦ અને



સ્પ્રે બોક્સ નં.૪ મળી કુલ રૂા.૩૯૬૦૦ની ચોરી કરી ગયા હતાં. જે અંગે ગોડાઉન માલીક મુફદ્દલ અસગરઅલી સોસન (ઉ.૫૩)એ બી ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે બી ડીવીઝન પીઆઈ એસ.એમ.જાડેજાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ કે.ડી.મારૂ, હેડકોન્સ્ટેબલ ક્રિપાલસિંહ જાડેજા, રાજેશ બાળા, જયદીપસિંહ બોરાણા સહિતના સ્ટાફે ગોડાઉન આસપાસ વિસ્તારમાં લગાવેલા સીસીટીવી કેમેરા તપાસી તથા હ્યુમન રિસોર્સીઝના આધારે તપાસ કરી ચોરી કરનાર શાહીલ શબ્બીરભાઈ (રહે.ભગવતીપરા-૭) અને રવિ ભુપતભાઈ માયાણી (રહે.રૂખડીયાપરા-૩)ને ઝડપી પાડી ચોરીનો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સામાકાંઠે ચકચારી ગુજસીટોકના ગુનામાં એક આરોપીને જામીન મુકત કરતી કોર્ટ

## ૨૦૨૦માં થોરાળા પોલીસે નામચીન ઈમ્તીયાઝ લાલો રાઉમા અને તેના સાગ્રીતો વિરૂધ્ધ ગુનો નોંધ્યો'તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના થોરાળા વિસ્તારમાં ઓર્ગેનાઈઝ ક્રાઈમ આચરતી ટોળકી વિરુદ્ધ નોંધાયેલા ગુજસીટોકના ગુનામાં સંડોવાયેલા આરોપીને જામીન મુકત ગુજરાત હાઈકોર્ટે હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ સને-૨૦૨૦ ના સમયગાળામાં થોરાળા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેકટર જી.એમ. હડીયાએ થોરાળા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી સંગઠીત ગુન્હાઓ આચરતી ટોળકીના ઈમ્તીયાઝ ઉર્ફે લાલો ભીખુભા રાઉમા તથા તેના સાગ્રીતો વિરૂધ્ધ થોરાળા પોલીસ સ્ટેશનમાં ગુજસીટોકના કાયદા હેઠળ ફરીયાદ નોંધાવી હતી. જે કેસમાં આરોપી શબીર ઉર્ફે શબો ઈકબાલભાઈ અબ્બાસીની તપાસનીશ અધિકારી ધ્વારા ધરપકડ કરવામાં આવી હતી. અને આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા ઈમ્તીયાઝ ઉર્ફે ભીખુભા રાઉમા સહિતની ગેંગ વિરૂધ્ધ અદાલતમાં ચાર્જશીટ રજુ કરવામાં આવ્યું હતું. જેલ હવાલે રહેલા આરોપી શબીર ઉર્ફે શબો ઈકબાલભાઈ અબ્બાસીએ જામીન ઉપર મુક્ત થવા ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા રજુઆત કરવામાં આવેલ કે આરોપી ઘણા લાંબા સમયથી જયુડીશ્યલ કસ્ટડીમાં છે. હાલના ગુનાની તપાસ પુર્ણ થઈ ગઈ છે અને તપાસના કાગળોમાં તપાસનીશ અધિકારીએ આરોપી વિરૂધ્ધ કુલ-૪ ગુન્હાઓ દર્શાવેલ છે. જેમાંથી ગુજસીટોકનો કાયદો અમલમાં આવ્યો ત્યારબાદના બે ગુના છે. સાથોસાથ અન્ય સહતોમતદારોને અદાલત ધ્વારા જામીન મુક્ત કરવામાં આવ્યા છે. જેથી સુપ્રીમ કોર્ટે ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓને લક્ષમાં લઈ આરોપીને જામીન મુક્ત કરવા દલીલ કરી હતી. જે દલીલ માન્ય રાખી ગુજરાત હાઈકોર્ટના ન્યાયમુર્તિ ડી.એ.જોષીએ આરોપી શબીર ઉર્ફે શબો ઈકબાલભાઈ અબ્બાસીને જામીન મુકત કરવા હુકમ ફરમાવ્યો છે. આ કેસમાં આરોપી વતી હાઈકોર્ટના એડવોકેટ કૃણાલ શાહી તેમજ રાજકોટના એડવોકેટ દરજજે લલિતસિંહ જે. શાહી, ભુવનેશ એલ. શાહી, સી.એમ.દક્ષિણી, યોગેશ બારોટ, સુરેશ ફળદુ, મનીષ ગુરુંગ અને નિશાંત જોષી રોકાયા હતા.

# ગોંડલ નગરપાલિકા પ્રમુખ પર હુમલાનો પ્રયાસઃ દંપતિએ ધમકી આપી

## નગરપાલિકા કચેરીનું ગુપ્ત સાહિત્ય ચોરી કરતા કર્મચારીને છુટે કરાયો હતો

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ નગરપાલિકા પ્રમુખ પર કર્મચારી દંપતિએ હુમલાની કોશિશ કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા પાલિકા વર્તુળમાં ચર્ચાનો વિષય બની જવા પામ્યો છે.

નગરપાલિકા પ્રમુખ મનીષભાઈ ચનિયારાએ શહેર પોલીસમાં સેનિટેશન શાખાના પૂર્વ કર્મચારી હિરેન ચોટલીયા અને ગઝકખ શાખાના સુપરવાઈઝર મિતલબેન હિરેનભાઈ ચોટલીયા વિરૂદ્ધ હુમલાની કોશિશ અને જાનથી મારી નાખવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધ તપાસ હાથ ધરી હતી પાલિકા પ્રમુખ મનીષભાઈ એ પોલીસને જણાવ્યું હતું કે હિરેન ચોટલીયા સેનીટેશન શાખાઓમાં અગાઉ નોકરી કરતા હતા અને ડેટા લીક કરી પાલીકાનું ગુપ્ત સાહિત્ય ની ચોરી કરી જાહેર કરતા હોય તે ધ્યાને આવતા તેમને ફરજ પરથી છુટા કરી દીધા હતા પરંતુ તેમ છતાં પણ તે વારંવાર નગરપાલિકાએ આવી ડેટા ચોરી કરવાનો પ્રયત્ન કરતા હોવાનું ધ્યાને આવ્યું હતું. દરમિયાન શાખામાં નોકરી કરતા તેમના પત્ની મિતલબેનની ઓફિસમાં હિરેનભાઈ લેપટોપ લઈ આવ્યા હોય ડેટા ચોરીનો પ્રયત્ન કરતા હોવાનું ધ્યાને આવતા તેઓને નગરપાલિકા ઓફિસમાં આવવાની ના પાડતા દંપતિ ઉશ્કેરાયું હતું અને મારવાની કોશિશ કરી હતી તેમજ જાનથી મારી નાખવાની ધમકી હતી આપી હતી. નગર પાલીકા પ્રમુખ મનીષભાઈ ચનિયારા પર હુમલાની કોશિશ નાં પગલે પાલીકા સદસ્યો નગરપાલિકા કચેરીએ દોડી ગયા હતા. બાદ માં સદસ્યો પ્રમુખ સાથે પોલીસ સ્ટેશને ફરિયાદ માટે પંહોચ્યા હતા.

# જીટીપીએલનું ઇન્ટરનેટ કનેક્શન રિચાર્જ કરવાના બહાને બે વેપારી સાથે રૂપિયા ૧૨ હજારની છેતરપિંડી

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના કોઠારીયા મેન રોડ પર માધવ રેસીડેન્સી માં રહેતા અને રાજકોટના બાપુનગર ચોક પાસે અલંગ હાઉસ નામે વેપાર કરતાં પ્રકાશભાઈ રૂદાભાઈ મેંદપરા વેપારીએ મૌલિક જગદીશ ભલગાણી નામના વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે આ સક્ષર પોતે જીટીપીએલનો કર્મચારી હોવાનું જણાવી ઇન્ટરનેટ કનેક્શનનું રિચાર્જ કરવાનું વચન આપી વેપારી પાસેથી ₹૬,૦૯૫ મેળવીને રિચાર્જ નહીં કરી આપી છેતરપિંડી કરી હતી જ્યારે ન્યુ કેદારનાથ સોસાયટીમાં રહેતા અને બાપુનગરમાં વેપાર કરતા વિશાલ વાલજીભાઈ રામપરિયા નામના વેપારી સાથે પણ આ મૌલિક જગદીશ બગલાની એ ઇન્ટરનેટ કનેક્શન રિચાર્જ કરવાના બહાને રૂપિયા ૬૦૦૦ ની ઠગાઈ કરી હોવાની ફરિયાદ ભક્તિનગર પોલીસમાં નોંધાવતા હેડ કોન્સ્ટેબલ એન એ ગઢવીએ ગુનો નોંધી પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# રૂખડીયા કોલોનીમાં યુવતી અને સમ્રાટ ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં યુવાનનો આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રૂખડીયા કોલોનીમાં યુવતીએ ફાંસો ખાઈ આપઘાત અને ઢેબર રોડ નજીક સમાટ ઈન્ડ. એરિયામાં કારખાનામાં શ્રમીક યુવકે ઝેરી દવા પી જીવન ટુંકાવી લીધાના બનાવમાં પોલીસે તપાસ હાથ ધરી હતી.

આ અંગેની માહિતી મુજબ રૂખડીયા કોલોનીમાં રહેતી શકીના સિકંદરભાઈ કાજી (ઉ.૧૮)એ પોતાના ઘેર લોખંડની એંગલમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પ્રનગર પોલીસ મથકના પીએસઆઈ પઢીયાર અને પ્રશાંતભાઈ સહીતના સ્ટાફે તપાસ કરતા મૃતક યુવતી ત્રણ બહેનોમાં વચેટ હોવાનુ અને પિતા ડ્રાઈવીંગ કામ કરતા હોય બહાર હતા તેમજ માતા અને બહેન નમાજ પઢવા જતા ઘેર એકલી શકીનાએ પગલુ ભરી લીધાનુ પરીવારે જણાવતા પોલીસે વધુ પુછતાછ કરતા પુત્રીને કેટરસ સહીતના બહારના કામ કરવાની પિતાએ ના પાડતા આ પગલુ ભરી લીધાનુ પ્રાથમીક તપાસમાં બહાર આવતા પોલીસે વધુ કાર્યવાહી કરી હતી.

જયારે બીજા બનાવમાં કોઠારીયા ગામે રહેતા હર્ષ ગુણવતભાઈ રાઠોડ (ઉ.૨૩) ઢેબર રોડ પર સમ્રાટ ઈન્ડ. એરિયામાં આવેલા સેતુ નામના બોકસ બનાવવાના કારખાનામા કામ કરતો હતો ત્યારે ઝેરી દવા પી જતા તેને સારવાર માટે સિવીલ હોસ્પીટલમાં ખસેડાયો હતો જેનુ સારવાર દરમ્યાન મોત નિપજતા માલવીયા નગર પોલીસ મથકના જમાદાર અશ્વીનભાઈ સહીતના સ્ટાફે તપાસ કરતા હર્ષ તેના પિતા સાથે કારખાનામાં નોકરી કરતો અને પરીવારમાં એકના એક પુત્ર હોવાનુ અને ૧૧ માસ પહેલા જ તેના લગ્ન થયા હોવાનુ પરીવારે જણાવતા પોલીસે આપઘાતનુ કારણ જાણવા મથામણ કરી છે.

**મયુર પાર્કમાં પતિના વિયોગમાં મહિલાનો ગળાફાસો ખાઈ આપઘાત**

કોઠારીયા રોડ સાંઈબાબા સર્કલ પાસે મયુર પાર્કમાં રહેતી મહિલાએ પતિના વિયોગમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તેઓના મૃત્યુથી ત્રણ સંતાનો નોંધારા બન્યા છે.

આ અંગેની માહિતી મુજબ મયુર પાર્કમાં રહેતા ધાપુકવર બજરંગસિંગ રાઠોડ (ઉ.વ.૫૫) એ પોતાના ઘરે પતિના વિયોગમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તેમને સંતાનમાં એક પુત્ર અને બે દિકરી છે. તેઓ મુળ રાજસ્થાનના છે. મહીલાના મોતી ત્રણેય સંતાનો નોંધારા બન્યા હતા.

# વામ્બે આવાસના કવાર્ટરમાં યુવાનનો વ્યાજખોરોના ત્રાસથી આપઘાતનો પ્રયાસ

## ભાડાની રીક્ષા ચોરાઈ જતા માલિકને ચુકવણી માટે વ્યાજે રૂપિયા લઈને ભરપાઈ કરતા યુવાન વ્યાજના વિષચક્રમાં ફસાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં કાલાવડ રોડ ઉપર આવેલા વામ્બે આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતા યુવકની ભાડાની રીક્ષા ચોરાઈ જતા માલિકને ચુકવણી માટે ચાર જેટલા શખ્સો પાસેથી રૂપિયા વ્યાજે લીધા હતા. વ્યાજખોરોના ત્રાસથી કંટાળી યુવાને ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

આ અંગેની માહિતી મુજબ કાલાવડ રોડ ઉપર આવેલા વામ્બે આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતો વિનય મનહરભાઈ કાચા નામનો ૩૯ વર્ષનો યુવાન સહકાર મેઈન રોડ ઉપર આવેલ ગાયત્રીગરમાં હતો. ત્યારે સાંજના સાડા સાતેક વાગ્યાના અરસામાં ઝેરી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતા બેશુદ્ધ હાલતમાં તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે ભક્તિનગર પોલીસને જાણ કરતા ભક્તિનગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો.

પ્રાથમિક પૂછપરછમાં વિનય એક બહેનમાં નાનો કાચા એક ભાઈ એક અને અપરિણીત છે વિનય કાચા ભાડાની રીક્ષા ચલાવતો હતો જે રીક્ષા ચોરાઈ જતા વિનય કાચાએ રિક્ષા માલિકને ચોરાઈ ગયેલી રીક્ષાની ચુકવણી માટે ચારથી પાંચ જેટલા લોકો પાસેથી રૂપિયા વ્યાજે લીધા હતા અને જે રૂપિયાની વ્યાજખોરો ઉઘરાણી કરી ત્રાસ આપતા હોવાના આક્ષેપ સાથે ઝેરી દવા પી લીધી હોવાનું જાણવા મળ્યું છે આ બનાવ અંગે ભક્તિનગર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સજાનું વોરંટ ઈસ્યુ થયા બાદ નાસતી ફરતી ગૌરીદડ ગામની ત્રણ મહિલાઓની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરમાં લોકસભા ની ચૂંટણી પૂર્વે નાસ્તા ફરતા આરોપીઓને શોધવા અંગેની પોલીસ દ્વારા ડ્રાઇવ રાખવામાં આવી હોય જેના પગલે કુવાડવા રોડ પોલીસ મથકના પીઆઇ વીઆર રાઠોડ ની સૂચનાથી એએસઆઈ મહમદ હારૂન શેખ કોન્સ્ટેબલ સંજયભાઈ મઢ સહિત નો સ્ટાફ મોરબી રોડ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ગૌરીદળ ગામે ભરવાડ શેરી માં રહેતી તમો બીજલ શિયાળ આણંદ પર રોડ પર રહેતી નીતા રામજી જાદવ અને મંજુ થોઘણ શિયાળ નામની ત્રણ મહિલા સામે સજાનું વોરંટ થયું હોય આ ત્રણેય મહિલાઓ લાંબા સમયથી પોલીસથી નાસ્તથી ભરતી હોય કુવાડવા પોલીસે ત્રણેયને દબોચી લઈ ધોરણ છ ની કાર્યવાહી હાથ ધરી છે